Chapter-1

## પ્રકરણ : ૧
## શ્રી અરવિંદ અને 'સાવિત્રી'

### પ્રસ્તાવના.

અંગ્રેજોના આગમનથી ભારતના સદીઓથી જૂના પરંપરાગત જીવનમાં એક પ્રકારનો પ્રક્ષોભ જન્મે છે અને એના ફલસ્વરૂપે ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો આરંભ થાય છે. રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, દયાનંદ સરસ્વતી, એની બેસન્ટ, લોકમાન્ય ટિળક, સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોર, મહાત્મા ગાંધી વગેરેની માફક શ્રી અરવિંદ (1872-1950) પણ પુનરુત્થાનના મહાન પ્રણેતાઓમાંના એક છે. એમના વ્યક્તિત્વના મુખ્યત્વે ત્રણ પાસાંઓ વિશેષ રીતે નોંધપાત્ર છે :

(૧) રાષ્ટ્રવાદી સ્વાતંત્ર્યસેનાની
(૨) રહસ્યદૃષ્ટા યોગપુરુષ અને
(૩) ચિંતક કવિ-વિવેચક.

આ ત્રણે દૃષ્ટિએ તેઓ ૨૦મી સદીની એક અત્યંત નોંધપાત્ર વ્યક્તિ બની રહે છે.

### (૧) રાષ્ટ્રવાદી સ્વાતંત્ર્યસેનાની :-

ભારતને શ્રી અરવિંદનો પ્રથમ પરિચય એક રાષ્ટ્રવાદી સ્વાતંત્ર્યસેનાની તરીકે થાય છે. શ્રી અરવિંદની સક્રિય સ્વાતંત્ર્યસેનાની તરીકેની કારકિર્દી ઇ.સ. 1905 થી 1910 સુધીની અર્થાત્ પ્રમાણમાં અલ્પ સમયની બની રહે છે. પરંતુ આ સમયે તેઓ ભારતની 'નેશનાલીસ્ટ પાર્ટી'ના અગ્રણી નેતા હોય છે અને ભારતના રાજકારણમાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે.

શ્રી અરવિંદ ઇંગ્લેંડમાં ચૌદ વર્ષની તેજસ્વી વિદ્યાકીય કારકિર્દી બાદ રાષ્ટ્રપ્રીતિથી પ્રેરાઈને આઇ.સી.એસ. થવાનું ટાળીને

ઇ.સ. ૧૮૯૩ માં ૨૧ વર્ષની યુવાન વયે ભારત પાછા ફરે છે અને વડોદરામાં અંગ્રેજી અને ફ્રેંચના વ્યાખ્યાતા તરીકે તે વખતની બરોડા કોલેજ (હાલની ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા)માં જોડાય છે. એના છ જ મહિનામાં 'ઇન્દુપ્રકાશ' નામના સામયિકમાં ઓગષ્ટ ૧૮૯૩ થી તંત્રીના નિમંત્રણથી એક લેખમાળા 'New lamps for old' શરૂ કરે છે. એમાં એમણે સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ માટેના કોંગ્રેસ પક્ષના પ્રયાસોમાં રહેલી મૂળભૂત ખામીઓ અને દુર્બળતાઓની નિર્ભયપણે ઝાટકણી કાઢી હોય છે. એના પ્રથમ બે લેખોએ જ તત્કાલીન ભારતીય રાજકારણમાં ભારે હલચલ મચાવી હોય છે.

ત્યારબાદ ઇ.સ. ૧૯૦૫ સુધી શ્રી અરવિંદ પ્રગટપણે તમામ પ્રકારની રાજકીય પ્રવૃત્તિઓથી અળગા રહે છે. પરંતુ પડદા પાછળ રહીને બંગાળમાં ગુપ્ત ક્રાન્તિકારી મંડળની રચના માટે પ્રચાર અને સંગઠનનું કાર્ય કરતા રહે છે. આ કાર્યમાં એમના નાનાભાઇ બારીન પણ જોડાય છે. આ કાર્ય દ્વારા તેઓ દેશમાં સશસ્ત્ર ક્રાન્તિ માટેની તૈયારીઓ કરી રહ્યા હોય છે. ઇ.સ. ૧૯૦૫ માં લોર્ડ કર્ઝન દ્વારા પાડવામાં આવેલા બંગાળના ભાગલાને પરિણામે આખા દેશનો રોષ અંગ્રેજો વિરુદ્ધ ભભૂકી ઊઠે છે. શ્રી અરવિંદ વડોદરા રાજ્યની અત્યંત પ્રતિષ્ઠાયુક્ત નોકરીને છોડી દઇને પ્રગટપણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાય છે; કલકત્તાની નવી સ્થપાયેલી 'નેશનલ કોલેજ'નું પ્રિન્સિપાલપદ સ્વીકારે છે. વિખ્યાત નેશનાલીસ્ટ નેતા બિપીનચંદ્ર પાલે શરૂ કરેલા સામયિક 'વન્દે માતરમ્'માં ઇ.સ. ૧૯૦૬માં ડી ફેક્ટો એડિટર તરીકે જોડાય છે. આ સાથે એમનું ધ્યેય ભારતની પ્રજાને સંપૂર્ણ સ્વાતંત્ર્યના આદર્શ માટે તૈયાર કરવાનું અને પ્રજાનું સંગઠન કરીને સરકારનો બળકટ વિરોધ કરવાનું હોય છે. આ જ સમય દરમ્યાન તેઓ 'ભવાની મંદિર' નામે એક ક્રાન્તિકારી પુસ્તિકા લખે છે જેમાંથી શ્રી અરવિંદના રાજકીય કાર્યનો પરિચય મળી રહે છે. 'વન્દે માતરમ્' સામયિક આ માટેનું સાધન બને છે. આ સામયિક દ્વારા શ્રી અરવિંદ ભારતને

રાષ્ટ્રવાદની તેમજ દેશપ્રેમની દીક્ષા આપે છે. આના અનુસંધાનમાં કે.આર. શ્રીનિવાસ આયંગાર જણાવે છે કે "એ પત્રકારત્વ ન હતું, પરંતુ સાહિત્ય હતું. રાજકારણ નહોતું પરંતુ એક નૂતન ધર્મ હતો. રાષ્ટ્રવાદનો ધર્મ. મા ભવાની ભારતીની પૂજા હતી."*[1] કલકત્તાના 'સ્ટેટ્સમેન' પત્રના સંપાદક રેટક્લિફ શ્રી અરવિંદને 'હિંદના દૈનિક પત્રકારત્વમાં એક નવો જ જીવંત ભાવ આણી મંડન કરનાર અગ્રિમ કક્ષાના પત્રના સંપાદક'*[2] તરીકે ઓળખાવે છે. આમ 'વંદે માતરમ્' દ્વારા વિરલ રાજકીય પત્રકારત્વનો આદર્શ શ્રી અરવિંદ પૂરો પાડે છે.

ઈ.સ. 1908 માં બ્રિટીશ સરકાર શ્રી અરવિંદને અલીપુર બોંબકેસમાં ખોટી રીતે સંડોવીને એમની ધરપકડ કરે છે. એમને એક વર્ષ માટે કાચી કેદમાં રાખે છે. આ જેલવાસ એમના જીવનનો એક મહત્ત્વપૂર્ણ વળાંક બની રહે છે. એમની યોગસાધનાનો આરંભ તો એ પૂર્વે વડોદરા ખાતે થઈ ચૂક્યો હતો. જેલમાં એ સાધના વધારે તીવ્રતાથી આરંભાઈ. અહીં એમને સર્વમાં નારાયણની સંનિધિનો સાક્ષાત્કાર થાય છે. એના ફલસ્વરૂપે અંબાલાલ પુરાણી જણાવે છે એ મુજબ "ત્યારબાદ એમનું જીવન સાધના માટે સંપૂર્ણપણે સમર્પિત થઈ ગયું. અને એમનું બાહ્ય કાર્ય પણ એ સાધનાનો એક ભાગ અને એના પરિણામરૂપ બની રહ્યું. વળી, વધારામાં, એમના કાર્યનો પ્રદેશ ત્યારપછીથી દેશની સેવા અને રાજકીય મુક્તિની પ્રાપ્તિના ક્ષેત્રથી તો ઘણો વિશાળ બની રહ્યો. ત્યારપછી એમનું હૃદય જેની પહેલાં એમને માત્ર ઝાંખી જ થઈ હતી તે – જગતભરને અનુભવીને વિશ્વ પર અને માનવમાત્રના ભાવિ મોડે સંકળાયું."*[3] બોંબકેસમાંથી તો તેઓ નિર્દોષ પુરવાર થાય છે. પરંતુ જેલવાસ દરમ્યાન એમને થયેલી યૌગિક અનુભૂતિઓ અને આધ્યાત્મજનિત રાષ્ટ્રવાદ અંગે એમણે ઈ.સ. 1909 માં ઉત્તરપાડા ખાતે આપેલું વ્યાખ્યાન અત્યંત નોંધપાત્ર છે.

ત્યારબાદ 'નેશનાલિસ્ટ પાર્ટી'માં નવો સંચાર પ્રેરવા તેઓ અંગ્રેજીમાં 'કર્મયોગિન' અને બંગાળીમાં 'ધર્મ' નામના સામયિકો શરૂ કરે છે. પરંતુ ઈ.સ. 1910 માં પોતાના અંતરાત્માના

આદેશાને અનુસરીને બ્રિટીશ ભારત છોડીને એ વખતના ફ્રેન્ચ સંસ્થાન ચંદ્રનગર અને ત્યારબાદ જીવનના અંત સુધી પોંડિચેરી ખાતે સ્થાયી થાય છે. અહીં તેઓ રાજકારણ સાથેનો સંબંધ સદંતર કાપી કાઢે છે, અને પોતાની યોગસાધનામાં મગ્ન થઈ જાય છે. એ અંગે ઈ.સ.૧૯૩૨માં તેઓ જણાવે છે : "...રાજકારણમાં હું કાંઈપણ વધારે કરી શકું તેમ નથી એમ લાગવાથી મેં એનો ત્યાગ કર્યો નથી; એવો ખ્યાલ મને કદી આવ્યો નથી. હું અહીં આવતો રહ્યો એનું કારણ એ છે કે મારી સાધનામાં કશી વસ્તુ ખલેલ કરે એવું હું ઈચ્છતો ન હતો, અને મને એ બાબતનો ખૂબ-સ્પષ્ટ આદેશ મળ્યો હતો. મેં રાજકારણ સાથેનો સંબંધ બિલકુલ કાપી નાંખ્યો છે, પરંતુ એમ કરતાં પહેલાં મને અંતરમાંથી જ્ઞાન થયું હતું કે મેં જે કાર્યની શરૂઆત કરી હતી તે આગળ ધપવાને સર્જાયેલું છે, અને તે પણ મેં જે દિશા જોઈ હતી તે દિશામાં. પણ એ કાર્ય બીજા લોકો કરશે. અને મેં જે ચળવળનો આરંભ કર્યો હતો તેનો આખરી વિજય મારા અંગત કાર્ય કે હાજરી વિના પણ થવાનો છે એવી ખાતરી મને અંતરમાંથી મળી હતી. મારા મતે મેં રાજકારણમાંથી ખેંચી લીધો તેની પાછળ નિષ્ફળતા, હતાશા, નિરુત્સાહ કે નિરર્થકતાનું ભાન એ ઉદ્દેશો મુદ્દલ ન હતા." *4

આમ, શ્રી અરવિંદ રાજકારણમાંથી નિવૃત્ત થઈ અધ્યાત્મમાં પૂર્ણપણે સમર્પિત થાય છે એ ભારતના સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક જીવનની એક મોટી ઘટના છે. ઈ.સ. ૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટે ભારત સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે એ દિન શ્રી અરવિંદનો પણ ૭૫મો જન્મદિન છે. એ અંગે એક સંદેશમાં શ્રી અરવિંદ પોતે જણાવે છે : "મારો જન્મદિન અને હિંદની સ્વતંત્રતા પ્રાપ્તિનો દિન આમ એક જ દિવસે બની આવે છે એ ઘટનાને, એક યોગી તરીકે, હું કોઈ સાદો યોગાનુયોગ તરીકે યા તો કોઈ ગમે તેમ બની આવેલા અકસ્માત તરીકે ગણતો નથી. પરંતુ આ ઘટના દ્વારા હું મારા જીવનના આરંભકાળથી મેં હાથ ધરેલા કાર્યમાં પ્રભુની જે દિવ્યશક્તિ મારાં પગલાંને દોરી રહી છે તેની એક સંમતિ નિહાળું છું,

છો. કાંઈ ફિકર નથી એક મજેદાર ગાંડાનો એક છું." *5 આમાં એ એક સૂચક ઘટના બની રહે છે.

ભારતના ક્રાંતિવીરોમાં શ્રી અરવિંદના પ્રદાન અંગે ડૉ. કરણસિંહ લખે છે : 'Sri Aurobindo thus emerges as a political thinker of great importance in modern Indian political thought. He was largely responsible for imparting an esoteric and spiritual significance to the national movement, for placing before it the inspiring ideal of complete independence, for invigorating the spirit of India by a reassessment of the true basis of her great cultural heritage for expounding a practical system whereby the goal of independence could be achieved and for placing the whole movement in the broader context of internationalism and the ideal of human unity."*6

(૨) રહસ્યદ્રષ્ટા યોગપુરુષ :

શ્રી અરવિંદના આ પાસા અંગે વિગતે વાત કરવી અશક્ય છે. કારણ કે એમનું આંતરજીવન અત્યંત વિશાળ અને બહુપરિમાણી હોવાથી સપાટી પરથી કોઈ મૂલવી શકાય એવું નથી. એમના આંતરના તબક્કાઓનો નિર્દેશ જ કરી શકાય.

શ્રી અરવિંદની યોગસાધનાની રીતસરની શરૂઆત ઈ.સ. ૧૯૦૪ દરમ્યાન વડોદરાથી જ થઈ હોય છે. એ પૂર્વે એમને મુંબઈના એપોલો બંદરે અને કાશ્મીરમાં શંકરાચાર્યની ટેકરી પર આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ હોય છે. ઈ.સ. ૧૯૦૪ થી સૂક્ષ્મ દર્શનો પ્રત્યેની એમની આંતરદૃષ્ટિ પણ જાગૃત થઈ હોય છે. શ્રી અરવિંદને યોગસાધનાના આરંભના તબક્કામાં વિષ્ણુ ભાસ્કર લેલે નામના યોગી પાસેથી માર્ગદર્શન મળે છે. વડોદરામાં એમની સાથેના મેળાપ દરમ્યાન શ્રી અરવિંદને નીરવ બ્રહ્મનો સાક્ષાત્કાર

થાય છે. એમની યોગસાધનાનો આ પ્રથમ નોંધપાત્ર તબક્કો છે.

અલીપુર જેલવાસ દરમ્યાન શ્રી અરવિંદની યોગસાધના તીવ્રતાથી આગળ ધપે છે. એમને સર્વમાં નારાયણની ઉપસ્થિતિનો સાક્ષાત્કાર થાય છે. શ્રી અરવિંદની યોગસાધનાનો આ બીજો મહત્વનો તબક્કો છે. એ પછી એમની સાધના પોતાના અંતરના આદેશ મુજબ જ આગળ વધે છે. પછીથી પોંડિચેરી શ્રી અરવિંદની સાધનાભૂમિ બની રહે છે. ઈ.સ. ૧૯૧૪ થી એમને ફ્રાન્સના ગૂઢ વિદ્યાવિદ્ અને યોગિની **શ્રીમતી મીરાં** પૉલ રીશાર મળે છે, જે શ્રી અરવિંદનાં સહયોગિની બની રહે છે. શ્રી અરવિંદના દેહાવસાન બાદ એમની યોગસાધનાને આગળ વિસ્તારે છે. શ્રી અરવિંદના સાધકોમાં તેઓ શ્રી માતાજીના નામે જાણીતાં છે. તેઓ શ્રી અરવિંદના યોગના પ્રમાણભૂત અર્થઘટનકર્તા મનાય છે. શ્રી અરવિંદ - શ્રી માતાજીનું મિલન શ્રી અરવિંદની યોગસાધનાનો ત્રીજો નોંધપાત્ર તબક્કો છે.

૨૪ નવેમ્બર ૧૯૨૬ ને દિવસે અધિમનસ ચેતનાનું અવતરણ શ્રી અરવિંદના સ્થૂળ દેહ પર્યંત થાય છે. જેને લઈને એ સિદ્ધિદિન કહેવાય છે. આ દિવસે જે દિવ્ય શક્તિનું અવતરણ થયું તે શ્રી અરવિંદના જીવનકાર્યના વિજયના પ્રતીકરૂપ છે. એને પરિણામે શ્રી અરવિંદ જે અતિમાનસ ચેતનાના અવતરણ માટે સાધના કરી રહ્યા હતા તે શક્ય બની રહે છે.

આ ચેતના શ્રી અરવિંદના દેહાવસાન બાદ છ વર્ષે ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ ના દિને આવિર્ભાવ પામે છે. શ્રી અરવિંદ-યોગસાધનામાં આ દિવસનું અનન્ય મહત્વ છે. આ દિવસ 'અતિમાનસ અવતરણ દિન' તરીકે ઓળખાય છે. શ્રી અરવિંદ યોગનું વિશ્વને આ એક મૌલિક પ્રદાન છે.

શ્રી અરવિંદના યોગ અને કાર્ય અંગે સુન્દરમ્ જણાવે છે :

"પૃથ્વી ઉપર દિવ્ય જીવનનું સર્જન એ શ્રી અરવિંદના યોગની ટૂંકામાં ટૂંકી ઓળખ છે. તેમનો યોગ એ સંન્યાસ માર્ગ નથી, તેમ જ કોઈ નેતાનો ધાર્મિક સંપ્રદાય કે કંઠીબંધો માર્ગ નથી પરંતુ

તે આંતરચેતનાના વિકાસની એક ચોક્કસ આંકી કાઢેલી વિશાળ અને રીતસરની પદ્ધતિ છે. એ યોગમાં સાધક પોતાના ગુરુની તેમજ દિવ્યશક્તિની મદદથી પોતાની ચેતનાનો વિકાસ સાધતો સાધતો બ્રહ્મસાક્ષાત્કારનાં ઊંચામાં ઊંચા શિખરે પહોંચે છે અને એ સાક્ષાત્કારના બળે તે પોતાની પ્રકૃતિનાં તમામ અંગ ઉપાંગો-ને નવો ઘાટ આપીને તેમને દિવ્ય સ્વરૂપમાં બદલાવે છે. આવી રીતે સાધકની આંતર તથા બાહ્ય સમગ્ર પ્રકૃતિ તથા તેનો જીવનવ્યવહાર ક્રમે ક્રમે દિવ્ય સ્વરૂપનો બનતો રહે છે અને એમાંથી સર્જાય છે દિવ્યજીવન."*7 અતિમાનસ શક્તિના અવતરણ અને સાધકના ઉર્ધ્વારોહણના પરિણામે આ શક્ય બને છે. આ દિવ્યજીવન અમુક ગણીગાંઠી વ્યક્તિઓ માટે નહીં પરંતુ સમગ્ર માનવજાતિ માટે શક્ય છે એમ શ્રી અરવિંદ કહે છે. તેમના યોગનું આ એક વિશિષ્ટ પાસું છે.

તત્વચિંતનના ક્ષેત્રે શ્રી અરવિંદના પ્રદાન અંગે ૨૦મી સદીના પૂર્વ અને પશ્ચિમના બે વિલક્ષણ મહાનુભાવોના પ્રતિભાવો નોંધપાત્ર છે :

(1). "At the very first sight I could realized that he (Sri Aurobindo) — has accumulated within him a silent power of inspiration... I said to him, "You have the word and we are waiting to accept it from you. India will speak through your voice. Hearken to me."

— Rabindranath Tagore.*8

આ પ્રતિભાવ રવીન્દ્રનાથ ટાગોરે પોતાને નોબલ પારિતોષિક એનાયત થઈ ગયેલું અને પોતે વિશ્વ સાહિત્યમાં પ્રતિષ્ઠિત કવિ તરીકે સ્વીકારાઇ ચૂક્યા હતા ત્યારે વ્યક્ત કર્યો છે. અને તે વખતે તેઓ શ્રી અરવિંદ કરતાં વયમાં બાર વર્ષ મોટા છે એ નોંધવું રહ્યું.

(२) Sri Aurobindo, foremost of Indian thinkers, has realized the most complete synthesis between the genius of the west and of the East."

— Romain Rolland
Nobel Laureate (France) *9

આમ, શ્રી અરવિંદ રહમી સહજ રહસ્યદ્રષ્ટા યોગપુરુષ બની રહે છે.

(3) ચિંતક કવિ વિવેચક :-

ચિંતક કવિ, વિવેચક તરીકે શ્રી અરવિંદની બહુમુખી પ્રતિભા પ્રગટે છે. એમણે અનેકવિધ વિષયો પર લખ્યું છે. આ તમામ લખાણો શ્રી અરવિંદ આશ્રમ પોંડિચેરી દ્વારા શ્રી અરવિંદ જન્મશતાબ્દી સમયે દશ હજાર કરતાંય વધારે પૃષ્ઠોમાં વિસ્તરેલા કુલ 30 ગ્રંથોમાં પ્રકાશિત થયાં છે જેનાથી એમના પ્રદાનનો પરિચય મળી રહે છે. એ અંગે 'ટાઈમ્સ લીટરરી સપ્લીમેન્ટ'ના તંત્રીલેખમાં શ્રીનિવાસ આયંગાર જણાવે છે : "Of all modern Indian writers Sri Aurobindo — successively poet, critic, scholar, thinker, nationalist, humanist — is the most interesting." આગળ તેઓ ઉમેરે છે કે : "Without question Sri Aurobindo is the one outstanding figure in Indo-Anglian literature." *10

અભ્યાસની સુગમતા ખાતર શ્રી અરવિંદના આ પ્રદાનને જુદા જુદા નવ પાસાંઓમાં વહેંચી શકાય : (A) પત્રકારત્વ ; (B) અનુવાદ કાર્ય ; (C) ભારતીય સંસ્કૃતિનું અર્થઘટન ; (d) તત્ત્વચિંતન ; (e) સમાજચિંતન ; (f) પત્રલેખન ; (g) કાવ્યવિચારણા ; (h) નાટ્યલેખન (i) કવિતાસર્જન.

(A) પત્રકારત્વ :

શ્રી અરવિંદના પત્રકારત્વનાં મુખ્યત્વે બે સ્પષ્ટ સ્તરો છે.
(૧) રાજકીય પત્રકારત્વ – જે 'વન્દે માતરમ્', 'કર્મયોગિન્' અને 'ધર્મ' જેવાં સામયિકોમાં જોવા મળે છે. અને
(૨) ચિંતનાત્મક પત્રકારત્વ – જે 'આર્ય' સામયિકમાં જોઈ શકાય છે.

શ્રી અરવિંદના રાજકીય પત્રકારત્વનો આરંભ ઈ.સ. 1893 થી અર્થાત્ એમના સ્વદેશાગમનથી થાય છે. આગળ જણાવ્યા મુજબ 'ઈન્દુ પ્રકાશ' નામના સામયિકમાં એમને લખવા માટે નિમંત્રવામાં આવે છે અને લેખો 'New lamps for old' લેખમાળા લખે છે. એમનું રાજકીય પત્રકારત્વ ઇ.સ. 1906 થી નેશનાલીસ્ટ પાર્ટીના મુખપત્ર 'વન્દે માતરમ્' દ્વારા પૂરી ગંભીરતાથી ખેડાય છે. એનો નિર્દેશ પણ શ્રી અરવિંદના રાષ્ટ્રવાદી સ્વાતંત્ર્ય સેનાની તરીકેના પાસાની ચર્ચામાં થઈ ચૂક્યો છે.

અલીપુર બોંબકેસ દરમ્યાન શ્રી અરવિંદની અનુપસ્થિતિમાં 'વન્દે માતરમ્'નું પ્રકાશન બંધ થાય છે. જેલમાંથી નિર્દોષ છૂટકારો મેળવ્યા બાદ શ્રી અરવિંદ અંગ્રેજીમાં 'કર્મયોગિન્' અને બંગાળીમાં 'ધર્મ' નામનાં સામયિકો શરૂ કરે છે જે ફેબ્રુઆરી 1910 સુધી ચાલુ રહે છે. એમાંનાં લખાણો મોટે ભાગે શ્રી અરવિંદનાં જ હોય છે અને એમાં રાજકીય વિચારો, યોગ, ધર્મ, તત્ત્વચિંતન અને સાહિત્યને લગતાં લખાણોનો સમાવેશ થાય છે.

શ્રી અરવિંદ રાજકીય જીવનમાંથી સંપૂર્ણ ક્ષેત્રસંન્યાસ સ્વીકારી લઈને પોંડિચેરી ખાતે એકાંત સાધના કરતા હોય છે ત્યારે ઈ.સ. 1914 માં શ્રીમાતાજી અને એમના પતિ પોલ રિશારની વિનંતીથી શ્રી અરવિંદના અનુભવોને આધારે માનવજાતિની સંસ્કૃતિનો સમન્વય કરે એવું મુખપત્ર 'આર્ય'નું પ્રકાશન શરૂ થાય છે. જે શરૂઆતમાં અંગ્રેજી અને ફ્રેંચ એમ બે ભાષાઓમાં પ્રકાશિત થતું હતું. એની ફ્રેંચ આવૃત્તિ વહેલી અને અંગ્રેજી આવૃત્તિ ઈ.સ. 1921 માં બંધ થાય છે. આ સામયિક જગત માટેના શ્રી અરવિંદના કાર્યની બુદ્ધિપ્રધાન

બાજુ બની રહે છે. એનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં શ્રી અરવિંદ જણાવે છે: "ભાવિના વિચારની દિશા ખોળવી, એના પાયાઓને આકાર કરવામાં મદદ કરવી અને ભૂતકાળની વિચાર સમૃદ્ધિમાં જે કાંઈ ઉત્તમ અને સૌથી વધારે જીવંત તત્ત્વો હોય તેમની સાથે એનો સંબંધ જોડી આપવો."*૧૧ શ્રી અરવિંદના તત્ત્વચિંતન, સમાજ-ચિંતન, ભારતીય સંસ્કૃતિના આવિષ્કારને લગતાં પુસ્તકો સૌ પ્રથમ 'આર્ય'માં લેખમાળારૂપે પ્રકાશિત થયાં હતાં તે નોંધવું રહ્યું. શ્રી અરવિંદના પત્રકારત્વનું આ બીજું સિમાચિહ્ન છે.

## (B) અનુવાદો :-

અનુવાદક તરીકે શ્રી અરવિંદનો અભિગમ વિશિષ્ટ છે. તે અંગે તેઓ જણાવે છે: "A translator is not necessarily bound to the exact word and letter of the original he chooses; he can make his own poem out of it if he likes and that is what is very often done."*12 શ્રી અરવિંદના તમામ અનુવાદોમાં આ અભિગમ જોઈ શકાય છે.

એમનું અનુવાદકાર્ય વડોદરાથી આરંભાય છે, જે પોંડિચેરી નિવાસ દરમ્યાન પણ ચાલુ રહે છે. શરૂઆતમાં એમણે સંસ્કૃત ભાષામાંથી અંગ્રેજીમાં અનુવાદ કરેલા છે, જેમાં 'રામાયણ'ના 'અરણ્યકાંડ', તેમજ મહાભારત'ના 'ઉદ્યોગપર્વ' અને 'સભાપર્વ'ના કેટલાક અધ્યાયોનો સમાવેશ થાય છે. 'રામાયણ' અને 'મહાભારત'ના અંગ્રેજીમાં અનુવાદ કરનાર અને એ દ્વારા વિખ્યાત થયેલા રમેશચંદ્ર દત્તે શ્રી અરવિંદના અનુવાદો જોઈને કબુલ્યું હતું કે "મને જો આપના 'રામાયણ' અને 'મહાભારત'ના અનુવાદો જોવા મળ્યા હોત તો હું મારા અનુવાદો કદી પ્રસિદ્ધ ન કરત. આપના આ ભવ્ય અનુવાદો આગળ મારા અનુવાદો તો બાળકના ખેલ જેવા છે."*13

આ સિવાય શ્રી અરવિંદે કાલિદાસની કૃતિઓ – 'વિક્રમોર્વશીયમ્', 'મેઘદૂત' અને 'કુમારસંભવમ્'નો પ્રથમ સર્ગ – ના પણ પ્રાસાદિક અનુવાદો કર્યા છે. ભર્તૃહરીના 'નીતિશતક'નો તેમનો અનુવાદ ઈ.સ.૧૯૨૪ માં 'The Century of Life' ના નામે પ્રકાશિત થયો છે.

શ્રી અરવિંદે કરેલા અનુવાદોમાં વેદ અને ઉપનિષદના કેટલાક અંશોના અનુવાદો વિશેષરૂપે ઉલ્લેખનીય છે. આ અનુવાદો પોંડિચેરીકાળ દરમ્યાન થયેલા છે. ઋગ્વેદમાં આવેલાં અગ્નિના ૨૪ સૂક્તોનો શ્રી અરવિંદે કરેલો અનુવાદ વૈદિક અધ્યયનમાં એમનું વિશિષ્ટ પ્રદાન છે. આ સિવાય એમણે મિત્રાવરુણ, ઉષા વગેરેનાં સૂક્તોના પણ અનુવાદો કર્યા છે. એમણે 'ઈશ', 'કેન', 'કઠ', 'મુંડક', 'પ્રશ્ન', 'માંડૂક્ય', જેવા ઉપનિષદોના પણ અનુવાદ કર્યા છે. વડોદરા દરમ્યાન જ એમણે બંગાળીમાંથી અંગ્રેજીમાં અનુવાદો કર્યા છે, જેમાં જ્ઞાનદાસ, ચંડીદાસ, નિધુબાબુ અને હોરુ દત્તની ભક્તિકવિતાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એમણે મૈથિલી ભાષામાં રચાયેલા વિદ્યાપતિના ૫૧ જેટલા પદોનો પણ અંગ્રેજી અનુવાદ કર્યો છે. વળી શ્રી અરવિંદના લેટિન, ગ્રીક, અને તામિલ ભાષામાંથી અંગ્રેજી ભાષામાં અનુવાદો પણ મળી આવે છે. શ્રી અરવિંદના અનુવાદો અંગે પ્રેમ ત્યાગી જણાવે છે :

"His artistry as a translator in verse may put him with the great translators – Chapman, Pope, Fitzgerald, Laurence Binyon." *14

(c) ભારતીય સંસ્કૃતિનું અર્થઘટન :

વડોદરાકાળ દરમ્યાન ભારતીય સંસ્કૃતિનો સમગ્ર વર્ણપટ (spectrum) શ્રી અરવિંદ સમક્ષ ખુલ્લો થાય છે. એમાંથી ભારતીય સંસ્કૃતિના વિશિષ્ટ અર્થઘટનને સ્પર્શતું સાહિત્ય પ્રાપ્ત થાય છે. એનો આરંભ એમણે 'ઇન્દુપ્રકાશ'માં બંકીમચંદ્રના વ્યક્તિત્વ અને ઉપલબ્ધિઓ અંગે લખેલા

લેખમાળાથી થાય છે. ત્યારબાદ જહોન વુડરોફે પોતાના પુસ્તક 'Is India Civilised'?' અને વિલિયમ આર્ચરે 'India and the Future' નામના પોતાના પુસ્તકમાં ભારતીય સંસ્કૃતિ માટે જે અજ્ઞાનતાભર્યા આક્ષેપો કર્યા હતા તેના પ્રત્યુત્તરરૂપે શ્રી અરવિંદ 'આર્ય'માં ઈ.સ. 1918 થી 1921 દરમ્યાન એક લેખમાળા લખી છે જે પાછળથી ઈ.સ. 1953 માં 'The Foundation of Indian Culture' નામે પ્રકાશિત થઈ છે. એમાં શ્રી અરવિંદે કરેલું ભારતીય સંસ્કૃતિનું અર્થઘટન વિશેષરૂપે નોંધપાત્ર છે. એમાં એક રીતે ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ પણ આલેખાયો છે. આ ઉપરાંત શ્રી અરવિંદે 'કર્મયોગિન'માં 'A System of National Education', 'A Brain of India', 'The National Value of Art' અને 'The Ideal of the Karmayogin' જેવા લેખો લખ્યા છે. એમાં પણ ભારતીય સંસ્કૃતિનું તેમનું વિશિષ્ટ દર્શન અને અર્થઘટન જોઈ શકાય છે.

આ સિવાય શ્રી અરવિંદે વેદોનું પણ મૌલિક અર્થઘટન કર્યું છે. 'આર્ય'માં એ અંગે 'The Secrets of Veda' નામે વિસ્તૃત લેખમાળા પણ પ્રકાશિત થઈ હતી. એમાં વેદોનાં કેટલાંક સૂક્તોના અનુવાદો અને એના ભાષ્યોનો પણ સમાવેશ થાય છે જે પાછળથી 'On the Veda' નામના ગ્રંથરૂપે ઈ.સ. 1956માં પ્રકાશિત થયેલ છે. ભારતીય સંસ્કૃતિના અર્થઘટનમાં એનું મહત્વપૂર્ણ સ્થાન છે.

(D) તત્ત્વજ્ઞાન :

શ્રી અરવિંદે પોતાને ક્યારેય ફિલસૂફ તરીકે ઓળખાવ્યા નથી. પરંતુ તેમના રાષ્ટ્રીય પત્રકારત્વમાં પણ તત્વજ્ઞાનની પરિભાષા જોઈ શકાય છે. ઈ.સ. 1934 માં એમણે જણાવ્યું છે:

"I am supposed to be a philosopher, but I never studied philosophy - everything I wrote came from Yogic experience, Knowledge and Inspiration." *15

તત્ત્વચિંતનના ક્ષેત્રે એમના ત્રણ ગ્રંથો વિશેષ મહત્ત્વ ધરાવે છે : (1) 'The Life Divine'; (2) 'The Synthesis of Yoga'; અને (3) 'On the Gita.' 'The Life Divine'માં શ્રી અરવિંદે પૃથ્વી પર દિવ્ય જીવનની શક્યતા દર્શાવી છે. અતિમાનસિક શક્તિના અવતરણને પરિણામે પૃથ્વી પર જ દિવ્ય જીવન શક્ય છે. તત્ત્વચિંતનના ક્ષેત્રે શ્રી અરવિંદનું આ મૌલિક પ્રદાન છે. 'The Synthesis of Yoga'માં શ્રી અરવિંદે પરંપરાગત યોગમાર્ગોની ચર્ચા કરીને પોતાના પૂર્ણયોગનું વૈજ્ઞાનિક રીતે પ્રતિપાદન કર્યું છે. એમનો યોગ પૃથ્વી ચેતનામાં અતિમાનસ શક્તિના અવતરણ માટે છે અને તેમાં મનુષ્યચેતનાના આરોહણ અને એના પ્રત્યુત્તર રૂપે દિવ્યચેતનાના અવતરણની પ્રક્રિયા રહેલી છે જેના પરિણામે માનવજાતિનું અતિમાનસમાં રૂપાંતરણ થઈ શકે છે.

'On the Gita'માં શ્રી અરવિંદે 'ગીતા'નું મૌલિક અર્થઘટન કર્યું છે. શ્રી અરવિંદના તત્ત્વચિંતનમાં પૂર્વ અને પશ્ચિમની વિચારધારાઓનો સુભગ સમન્વય થઈ રહ્યો છે. એના કેન્દ્રમાં અતિમાનસનો ઉત્ક્રાંતિમૂલક સિદ્ધાંત રહેલો છે.

## (E) સમાજચિંતન :

શ્રી અરવિંદના સમાજચિંતનનો પરિચય 'The Human Cycle', 'The Ideal of Human Unity' અને 'War and Self-determination' જેવા ગ્રંથો દ્વારા થાય છે. 'The Human Cycle'માં માનવસમાજની ઉત્ક્રાંતિમાં અતિમાનસ શક્તિ કઈ રીતે પ્રભાવ પાડી શકે તેનું શ્રી અરવિંદે નિરૂપણ કર્યું છે. અહીં એમણે સમાજચિંતનનો એક નવો જ અભિગમ દર્શાવ્યો છે. આ અભિગમમાં ભૂતકાળના અને આજના સામાજિક, રાજકીય ચિંતનનું સંશોધનાત્મક પૃથક્કરણ બની રહે છે. નૂતન અને ઉત્કૃષ્ટ સમાજરચના માટે તેમણે આધ્યાત્મિક અભિગમની અનિવાર્યતા દર્શાવી છે. 'The Ideal of Human Unity'માં તેઓ આ અભિગમને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી વિસ્તારે છે.

એમાં માનવજાતની વર્તમાન સ્થિતિના નિરૂપણ બાદ એની વાસ્તવિક એકતાની વિચારણા કરવામાં આવી છે. શ્રી અરવિંદના સામાજ ચિંતનનું અવલોકન કરતાં કિશોર ગાંધી જણાવે છે -

"His status amongst the social philosophers of the world should be as high as his status amongst the philosophers in general... He should be recognised as the greatest social philosopher of all time."*16

(F) પત્રલેખન :

શ્રી અરવિંદના સાહિત્યિક પ્રદાનમાં એમણે સાધકોને લખેલા પત્રો પણ મહત્વના છે. લગભગ દસ હજાર જેટલી સંખ્યામાં લખાયેલા આ પત્રો ઈશ્વર, પ્રકૃતિ, દર્શન, માનવ, અંતઃસ્ફુરણા, કલા, સાહિત્ય, નિદ્રા, દિવ્ય વગેરે જીવનના પ્રાયઃ તમામ પાસાંઓને સ્પર્શે છે. આ પત્રોમાં શ્રી અરવિંદનું એક મિત્ર અને માર્ગદર્શક તરીકેનું વ્યક્તિત્વ પ્રગટે છે. એમાં એમનું વિશાળ જ્ઞાન, સહજ રીતે, ક્યારેક નર્મમર્મ દ્વારા તાજગીપૂર્ણ રીતે વ્યક્ત થયું છે. આ પત્રો 'On Yoga'ના બે ભાગમાં ઇ.સ. ૧૯૫૮માં પ્રકાશિત થયા છે.

(G) કાવ્યવિચારણા :-

વિવેચક તરીકેની શ્રી અરવિંદની પ્રતિભા એમના અભ્યાસકાળથી જ જોઈ શકાય છે. કેમ્બ્રિજ યુનિવર્સિટી ખાતે શેક્સપિયર અને મિલ્ટનની તુલના કરતો એક લેખ એ સમયના વિવેચનકાર્યનું નોંધપાત્ર ઉદાહરણ છે. તદુપરાંત 'ઇન્દુપ્રકાશ'માં બંકિમચંદ્ર, તેમજ વાલ્મીકિ અને વ્યાસની તુલના કરતા તેમણે લખેલા લેખોમાં વિવેચક તરીકેની એમની ઊંડી સૂઝનાં દર્શન થાય છે. આ ઉપરાંત, 'The Foundation of Indian Culture'માં એમણે આલેખેલો ભારતીય સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પણ એમની ઉમદા વિવેચકશક્તિનું ઉદાહરણ છે.

શ્રી અરવિંદનો કાવ્યવિચાર મુખ્યત્વે 'The Future Poetry' નામના ગ્રંથમાં રજૂ થયો છે. શ્રી અરવિંદે જેમ્સ કઝીનના પુસ્તક 'New Ways in English Literature'નું અવલોકન કરતાં 'આર્ય'માં ઈ.સ. ૧૯૧૭ થી ૧૯૨૦ દરમ્યાન એક લેખમાળા આપી છે. એમાં મુખ્યત્વે અંગ્રેજી કવિતાની વિકાસરેખાનું આલેખન થયેલું છે. સાથેસાથે એમણે કવિતાનો રસ, છંદોલય અને ગતિ, શૈલી અને વિષયવસ્તુ, કાવ્યમય દર્શન અને મંત્ર તેમજ કવિતાનો આદર્શ આત્મા, કાવ્યમય સત્યના સ્રોત વગેરે અંગે પણ વિચારણા કરી છે. ભાવિ કવિતા માટે એમણે સત્ય, જીવન, સૌંદર્ય, આનંદ અને આત્મામાંથી સમૃદ્ધ એવી મંત્રકવિતાનો આદર્શ રજૂ કર્યો છે. આવી કવિતા મનથી ઉપરના પ્રદેશો– ઊર્ધ્વમન, પ્રદીપ્ત મન, અંતઃસ્ફુરણાત્મક મન તેમજ અધિમાનસ, અતિમાનસના પ્રભાવ હેઠળ સર્જાતી હોય છે. શ્રીનિવાસ આયંગર જણાવે છે તેમ 'The Future Poetry' ગ્રંથ 'an unconventional but truly prophetic work of criticism embodying the manifesto of the overhead aesthetics."*17 બની રહે છે. એસ.કે. ડે આ અંગે જણાવે છે: "The Future poetry' is the richest and most courageous possible synthesis of the critical genius of the East and that of the West."*18

(H) પદ્યનાટકો :-

શ્રી અરવિંદના વિપુલ સાહિત્યસર્જનમાં એમનાં પદ્યનાટકો પણ અગત્યનાં છે. એમણે બધાં મળીને કુલ પાંચ પૂર્ણ નાટકો રચ્યાં છે. (1) 'Perseus: the Deliverer'; (2) 'Viziers of Bassora'; (3) 'Vasavadutta'; (4) 'Rodogune'; અને (5) 'Eric'. એંગ્લો-ઈન્ડિયન સાહિત્યમાં પદ્યનાટકો લગભગ વણખેડાયેલાં રહ્યાં છે, તેમાં શ્રી અરવિંદના આ નાટકો વિશેષ ઉલ્લેખપાત્ર છે.

શ્રી અરવિંદ પોતાના નાટકો માટેનું કથાવસ્તુ જુદી જુદી સંસ્કૃતિઓમાંથી પસંદ કરે છે. પર્સિયુસ, એન્ડ્રોમીડાની પ્રાચીન

સીરીયાની કથા પરથી 'Perseus: the Deliverer'; પર્શિયાની 'એરેબિયન નાઇટ્સ'ની કથાને આધારે 'Vizier of Bassora', ફ્રાંસના જન્મ પૂર્વેના સીરીયાના રાજ્યતંત્રની કથાને આધારે 'Rodogune', અને પ્રાચીન નોર્વેની એક કથા પરથી 'Eric'ની રચના થઇ છે. એમના 'Vasavdatta'નું કથાવસ્તુ સોમદેવના 'કથાસરિત્સાગર'માંથી લેવામાં આવ્યું છે. એના પર ભાસના 'પ્રતિજ્ઞાયૌગંધરાયણ'ની પણ અસર છે. શ્રી અરવિંદનાં આ તમામ પદ્યનાટકોમાં 'Rodogune' ટ્રેજેડી છે. આ તમામ પદ્યનાટકોમાં જીવન અને પ્રેમ, સંઘર્ષ અને પરિવર્તનનું આલેખન છે. એની ભાષા કલ્પનોથી શોભતી, તાજગીપૂર્ણ છે. શ્રી અરવિંદનાં પદ્યનાટકો અંગે પ્રેમા નંદકુમાર જણાવે છે : "The dramatic world of Sri Aurobindo is a world of heroism and romance, of tears and smiles, of insights and epiphanies."*19

(I) કવિતાસર્જન :

શ્રી અરવિંદે પોતે એકવાર જણાવ્યું છે કે તેઓ સૌથી પહેલાં કવિ છે. તેમના વ્યક્તિત્વનું આ પાસું સૌપ્રથમ પ્રાગટ્યું છે. તેઓ વિદ્વાન અધ્યાપક, રાષ્ટ્રવાદી સ્વાતંત્ર્યસેનાની અને રહસ્યદ્રષ્ટા યોગપુરુષ બને છે પરંતુ આ તમામ સમય દરમ્યાન તેઓ કવિ તો રહે જ છે. કવિ તરીકે ઉત્તરોત્તર વિકાસ સાધે છે. કવિ તરીકેની એમની કારકિર્દીનો આરંભ ઇંગ્લેન્ડથી થાય છે. વડોદરા અને કલકત્તા દરમ્યાન તેનો વિકાસ થાય છે અને પોંડિચેરી ખાતે તેનો પૂર્ણ વિકાસ પ્રમાણી શકાય છે. અભ્યાસની સુગમતા ખાતર શ્રી અરવિંદની સમગ્ર કવિતાને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય : (ક) ઊર્મિ કવિતા; (ખ) દીર્ઘ કવિતા અને (ગ) મહાકાવ્ય.

(ક) ઊર્મિ કવિતા :-

શ્રી અરવિંદની ઊર્મિકવિતામાં પણ ત્રણ સ્થિત્યંતરો જોવા મળે છે.

(૧) ઇ.સ. 1880માં ઇંગ્લેન્ડથી આરંભાયેલું કાવ્યસર્જન, જે વડોદરાકાળ પર્યંત- ઇ.સ 1910 સુધી વિસ્તરે છે.

(૨) ઇ.સ 1910થી 1930 દરમ્યાન રચાયેલાં કાવ્યો અને

(૩) ઇ.સ. ૧૯૩૦ થી ૧૯૫૦ દરમ્યાન રચાયેલાં કાવ્યો.
આ તમામ ગાળાઓ દરમ્યાન શ્રી અરવિંદ માતબર પ્રમાણમાં કાવ્યસર્જન કરે છે.

શ્રી અરવિંદનો પ્રથમ કાવ્યસંગ્રહ 'Songs to Myrtilla and Other Poems' ઇ.સ. 1895માં વડોદરાથી પ્રકાશિત થયો હતો. 18 થી 20 વર્ષની (ઇ.સ. 1890 થી 92) દરમ્યાન ગ્રીક પ્રભાવ હેઠળ રચાયેલાં અભ્યાસકાળનાં એમાંનાં આ કાવ્યો આનંદના ઉલ્લાસ આવેગ, પ્રેમ અને સુંદરતા, અને દેશપ્રેમની તીવ્રતાનાં કાવ્યો છે, નિસર્ગના સૌંદર્ય સાથે તે માનવીય સંવેદનાઓની મોહિનીથી સભર છે. કેટલાંક કાવ્યો ગટે, બંકિમચંદ્ર, મધુસૂદન દત્તને અનુલક્ષીને સર્જ્યાં છે.

'Songs to Myrtilla' બાદ શ્રી અરવિંદની કવિતામાં વેદવેદાંતદર્શન અને તત્ત્વચિંતનનું એક વિશેષ પરિમાણ ઉમેરાય છે. એમની ઊર્મિકવિતાનું આ બીજું સ્થિત્યંતર છે. ઇ.સ. ૧૯૧૦ થી ૩૦ દરમ્યાન રચાતાં આ ઊર્મિકાવ્યોનો કેન્દ્રવર્તી વિષય સર્જન અને સંહારનું ચક્ર છે. આવાં કાવ્યોમાં 'Who', 'The Vedantin's Prayer', 'Rebirth', 'Parabrahman' જેવાં કાવ્યોનું દાર્શનિક ચિંતન નોંધપાત્ર છે. આ કાવ્યોમાં પુરાકલ્પનો ભારતીય છે.

શ્રી અરવિંદની ઊર્મિકવિતાનો આખરી તબક્કો અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એમાં એક વેદદ્રષ્ટા યોગીપુરુષનું સાક્ષાત્ દર્શન કાવ્યરૂપ પામ્યું છે. 'A God's Labour' જેવા કાવ્યમાં માનુષ્યના રૂપાંતરણના પૂર્ણયોગનું આલેખન છે. તો 'Rose of God' જેવા કાવ્યોમાં પ્રભુની કૃપાનો અવતારવાની અભીપ્સા છે. આ ગાળાનાં કાવ્યો વિવેચકોથી બહુધા ઉપેક્ષિત જ રહ્યાં છે. પરંતુ શ્રી અરવિંદની કવિતાનું વિવેચનાત્મક પુનર્મૂલ્યાંકન કરતાં ગણેશ દેવી ઉચિત રીતે જ જણાવે છે: "અનુભૂતિની નિશ્ચિતતા, ભાવનાઓની અસાધારણ, અને રૂપરચના પરની કવિની પ્રભાવક પકડને કારણે આ ઊર્મિકવિતાને વિશ્વની કોઈ ઉત્કૃષ્ટ કવિતાની સમકક્ષતાનો દરજ્જો સાંપડી રહે છે." *૧૦

(ખ) દીર્ઘ કાવ્યો :

જે સમયે અંગ્રેજી કવિતામાં કથાકાવ્યોનું સ્વરૂપ લગભગ નામશેષ થઈ ગયું હતું ત્યારે શ્રી અરવિંદ પ્રમાણમાં સુદીર્ઘ કહી શકાય એવાં કથાકાવ્યો સર્જવાનો વિલક્ષણતા દર્શાવે છે. એમનાં પૂરેપૂરાં લખાયેલાં કાવ્યોમાં (૧) 'Urvasie'; (૨) 'Love and Death'; (3) 'Baji Prabhou'; (૪) 'The Rishi' અને (૫) 'Ahana' મુખ્ય છે.

1500 જેટલી પંક્તિઓમાં ચાર સર્ગોમાં રચાયેલું 'Urvasie' અને 1000 પંક્તિઓનું 'Love and Death' અનુક્રમે ઇ.સ. 1893 અને 1899 અર્થાત્ એમના આરંભકાળનાં સર્જનો છે. આ બન્ને કૃતિઓનાં મૂળ સ્રોત અનુક્રમે 'વિક્રમોર્વશીયમ' અને 'મહાભારત' — ભારતીય છે. આ બન્ને કૃતિઓમાં પ્રણય અને મૃત્યુ, પ્રણય અને ફરજ વચ્ચે ઉપસ્થિત થતા સંઘર્ષનું આલેખન છે. આ કાવ્યોમાં મૃત્યુ પર પ્રેમના વિજયનું કથાબીજ રહેલું છે જે 'સાવિત્રી' મહાકાવ્યમાં પૂર્ણપ્રાકટ્ય પામે છે.

'Baji Prabhou' 500 પંક્તિઓમાં વિસ્તરેલું બ્લેંક વર્સમાં રચાયેલું શ્રી અરવિંદના જીવનના સંક્રાંતિકાળનું સર્જન છે. આ સમય તેમની ઉત્કટ રાષ્ટ્રવાદ પ્રત્યેથી સમર્પિત આધ્યાત્મિકતા તરફની ગતિનો છે. આ કાવ્ય મરાઠા ઇતિહાસના એક શૌર્યપ્રસંગ પર આધારિત છે. એ અંગે ગણેશ દેવી જણાવે છે : "આ કાવ્ય શ્રી અરવિંદનાં રાષ્ટ્રવાદી ભાવના તેમજ વેદાંતનિષ્ઠ ચિંતનનું સંમિશ્રણ દર્શાવી આપે છે. અને એ કાવ્ય રચાતા હતા એ સમયગાળા દરમ્યાન તેમના ચિત્તમાં આકાર લઈ રહેલું ક્રાંતિકારીમાંથી યોગી તરીકેનું સૂક્ષ્મ રૂપાંતર તેમાં સ્પષ્ટપણે અભિવ્યક્ત થાય છે."*૧૨ 'The Rishi' કાવ્યમાં અસ્તિત્વના ધ્યેય અને પ્રયોજન અંગેની તાત્ત્વિક ચર્ચા સંવાદરૂપે કરવામાં આવી છે. રંગદર્શી કવિતાની આ અનન્ય સિદ્ધિ બની રહે છે.

શ્રી અરવિંદ જ્યારે પોંડિચેરીમાં સ્થાયી થાય છે ત્યારે 'Ahana' અને 'Ilion' જેવી મહાકાવ્યનું પરિમાણ ધરાવતી દીર્ઘકૃતિઓનું સર્જન કરે છે. 'Ahana'ની બે આવૃત્તિઓ મળે છે. પ્રથમ ઇ.સ. 1915માં અને બીજી 1942માં રચાઈ છે. બીજી આવૃત્તિમાં શ્રી અરવિંદના

યોગનું હાર્દ રજૂ થયું છે.

દીર્ઘકાવ્યો રચવાની શ્રી અરવિંદની મથામણ ઈંગ્લેન્ડકાળથી 'Vigil of Phaliand' જેવા પ્રણયકાવ્યથી આરંભાયેલી છે. વડોદરા ખાતે તેઓ ઉષા- અનિરુદ્ધની કથા પરથી એક મહાકાવ્ય રચવાનો પ્રયત્ન કરે છે. પરંતુ એ અપૂર્ણ રહે છે. આ ઉપરાંત મહાકાવ્યનું પરિમાણ ધરાવતું અરબસ્તાનની પ્રણયકાવ્ય 'Khaled of the Sea' અને અર્જુન અને ચિત્રાંગદાના કથાનક પર આધારિત મહાકાવ્ય રચવાના તેમના પ્રયાસ અધુરા જ રહ્યા છે. આ અધુરા પ્રયાસો પણ ઉત્કૃષ્ટ કાવ્યબીજોના નિદર્શન લેખે અગત્યના છે. શ્રી અરવિંદની અહના, ઉર્વશી, પ્રિયંવદા, ચિત્રાંગદા, ઉલુપી અને ઈલિયન જેવી કાવ્યનાયિકાઓ સાવિત્રીના પૂર્વાવતારો છે. આ તમામનું પૂર્ણપ્રાકટ્ય 'સાવિત્રી' મહાકાવ્યમાં નાયિકા સાવિત્રી રૂપે થયું છે.

(ગ) મહાકાવ્ય :-

'સાવિત્રી' શ્રી અરવિંદની ઉત્તમોત્તમ કૃતિ છે. રહસ્યાનુભૂતિનાં કૃતિ-અંતર્ગતનાં ઈંગિતો 'સાવિત્રી' મહાકાવ્યને સમાધિ ભાષાનો આવિષ્કાર જાણવા સહજ રીતે પ્રેરે છે.

શ્રી અરવિંદ વડોદરા ખાતે ભારતીય સંસ્કૃતિના તલાવગાહી અધ્યયનમાં વ્યસ્ત હોય છે ત્યારે તેઓ સંસ્કૃત ભાષાના મહાકવિ વ્યાસ રચિત 'મહાભારત'ના 'વન પર્વ'ના 'પતિવ્રતામાહાત્મ્ય પર્વ'ના અધ્યાય ૨૯૩ થી ૨૯૯ માં આવેલા સાવિત્રીના ઉપાખ્યાનથી આકર્ષાય છે. 'મહાભારત' માં દુરાત્મા ધૃતરાષ્ટ્રપુત્રો પાંડવોને જુગારમાં જે કષ્ટ આપે છે અને દ્રૌપદી જેવી પતિવ્રતાસ્ત્રીને જે કષ્ટ સહેવાં પડે છે એનો પરિણામે યુધિષ્ઠિરને અત્યંત ખેદ થાય છે. ત્યારે એને આશ્વાસન આપવા માર્કંડેય ઋષિ 'સાવિત્રી ઉપાખ્યાન' કહે છે.

હમણાં જ જણાવ્યું એ મુજબ આ કથા ૨૯૩ થી ૨૯૯ એમ સાત અધ્યાયોમાં કહેવામાં આવી છે. એના પ્રથમ અધ્યાય (૨૯૩) માં સાવિત્રીના જન્મની કથા આલેખાઈ છે. એ મુજબ મદ્ર દેશમાં અશ્વપતિ નામનો એક પરમ ધાર્મિક, લોકપ્રિય

રાજા હતો. એ વય થઈ ગઈ હોવા છતાં નિઃસંતાન હતો. માટે સંતાન પ્રાપ્તિ અર્થે દેવી સાવિત્રીની કઠોર તપશ્ચર્યા કરે છે. અઢાર વર્ષ બાદ દેવી સાવિત્રી એના પર પ્રસન્ન થાય છે. અને અગ્નિહોત્રમાંથી પ્રગટ થઈને એક તેજસ્વિની કન્યાના જન્મનું વરદાન આપે છે. એ અનુસાર સમય જતાં એની જ્યેષ્ઠ મહારાણી માલવીને કન્યારત્નની પ્રાપ્તિ થાય છે. દેવી સાવિત્રીના વરદાનથી પ્રાપ્ત થયેલ આ કન્યાનું નામ સાવિત્રી પાડવામાં આવે છે. સમય જતાં સાવિત્રી યુવાવસ્થામાં પ્રવેશે છે પરંતુ ચોતરફ એના તેજથી એવાં તો અંજાઈ ગયાં હતાં કે કોઈએ લગ્ન માટે એનું માગું કર્યું નહિ. માટે રાજા સ્વયં એને એની ઈચ્છાનુસાર વરની પસંદગી કરવા આજ્ઞા આપે છે. પિતાની આજ્ઞા માથે ચડાવી વૃદ્ધ મંત્રીઓને સાથમાં લઈને સાવિત્રી સુવર્ણના રથમાં બેસીને દેશાટન આદરે છે.

બીજા અધ્યાય (૨૬૪)માં સાવિત્રીની પતિ-પસંદગીની કથા આવે છે. એ અનુસાર એક વખત અશ્વપતિના રાજમહેલમાં દેવર્ષિ નારદ પધાર્યા હોય છે. એ વખતે સર્વ તીર્થો અને આશ્રમોમાં ભ્રમણ કર્યું હતું.. સાવિત્રીનું ગૃહાગમન થાય છે. અશ્વપતિની આજ્ઞાથી સાવિત્રી નારદની પૃચ્છાના પ્રત્યુત્તરરૂપે શાલ્વ દેશના દ્યુમત્સેન નામના રાજ્યચ્યુત ધર્માત્મા રાજવીના પુત્ર સત્યવાનને પોતે મનથી વરી છે એમ જણાવે છે. આ સાંભળીને નારદ ખેદ વ્યક્ત કરે છે. અશ્વપતિ નારદને એનું કારણ પૂછે છે. નારદ સત્યવાનના એક જ વર્ષના શેષ રહેલા આયુષ્ય અંગે જણાવે છે. અશ્વપતિ સાવિત્રીને પોતાના નિર્ણયની ફેરવિચારણા કરવા કહે છે. પરંતુ સાવિત્રી પોતાના નિર્ણયમાં અચલ રહે છે. એટલે અશ્વપતિ એના વિવાહની તૈયારીઓ આદરે છે.

ત્રીજા અધ્યાય (૨૬૫)માં સાવિત્રીના લગ્નનું આલેખન છે. એ અનુસાર અશ્વપતિ વિવાહ અંગેની સર્વ સામગ્રી એકત્ર કરીને સાવિત્રી સાથે દ્યુમત્સેનના આશ્રમમાં આવે છે. અને પોતાની પુત્રીના સત્યવાન સાથેના લગ્ન માટેનો વિધિવત પ્રસ્તાવ

મૂકે છે. દ્યુમત્સેન એમાં પોતાની અનુમતિ દર્શાવતાં ઉમેરે છે કે આવો સંબંધ બાંધવાની મને પહેલેથી જ અભિલાષા હતી જે આજે પૂર્ણ થાય છે. ત્યારબાદ સત્યવાન-સાવિત્રીનાં વિધિપૂર્વક લગ્ન થાય છે. પછીથી અશ્વપતિ મદ્ર પાછો ફરે છે. અને સાવિત્રી સેવા, પરિચર્યાઓ, સદ્ગુણો અને ઇન્દ્રિયદમન તેમજ સર્વનો ઇષ્ટ એવાં કાર્યસંપાદનોથી સર્વનો સંતોષ પ્રાપ્ત કરે છે. પરંતુ એના મનમાં તો નારદની ભવિષ્યવાણી નિરંતર ઘોળાયા જ કરે છે.

એ પછીના ચોથા (૨૯૬) અધ્યાયમાં સાવિત્રીના વ્રત અને પતિ સાથેના વનગમનનું આલેખન છે. એ અનુસાર સત્યવાનના મૃત્યુના ચાર દિવસ બાકી હોય છે ત્યારે સાવિત્રી ત્રણ રાત્રિ ઉપવાસ કરવાવાળું ત્રિરાત્રવ્રત આરંભે છે. સત્યવાનના મૃત્યુદિને સાવિત્રી સાસુસસરાની અનુમતિ લઈને પોતાના પતિની સાથે વનમાં પ્રયાણ કરે છે.

પાંચમા (૨૯૭) અધ્યાયમાં સત્યવાનનું મૃત્યુ અને એ પછીનો સાવિત્રીનો યમ સાથેનો સંવાદ નિરૂપાયો છે. એ મુજબ સત્યવાન ફળો એકઠાં કરી લે છે એ પછી જ્યારે લાકડાં ફાડતો હોય છે ત્યારે એને વેદના થવા માંડે છે. તે સાવિત્રીના ખોળામાં માથું મૂકીને સૂઈ જાય છે. પછીથી ત્યાં સ્વયં યમરાજા સત્યવાનના આત્માને લેવા આવી પહોંચે છે. સાવિત્રી તેમની સાથે વાર્તાલાપ આરંભે છે. સાવિત્રીના સ્વર, અક્ષર, વ્યંજન અને હેતુથી યુક્ત વાણી સાંભળીને યમરાજ પ્રસન્ન થાય છે અને તે સાવિત્રીને એક પછી એક એમ પાંચ વરદાનો માગવા જણાવે છે. આ વરદાનોમાં દ્યુમત્સેનને નેત્રલાભ, સ્વરાજ્યની પ્રાપ્તિ, અશ્વપતિને સો પુત્રોની પ્રાપ્તિ, સત્યવાન થકી સાવિત્રીને સો પુત્રોની પ્રાપ્તિ અને સત્યવાનનું ચારસો વર્ષનું આયુષ્ય માગે છે. આમ, સાવિત્રી પોતાના મધુર વચનો, સ્વધર્મ પ્રત્યેની સન્નિષ્ઠા અને વાક્ચાતુર્ય દ્વારા યમરાજને પ્રસન્ન કરીને સત્યવાનને પુનઃજીવિત કરે છે. ત્યારબાદ સત્યવાન સાવિત્રી આશ્રમમાં પાછા ફરે છે.

છઠ્ઠા (૨૯૮) અધ્યાયમાં નેત્રપ્રાપ્ત થયા બાદનો

દ્યુમત્સેનનો પુત્રવિરહ અને અંતે સત્યવાન-સાવિત્રી સાથેનું મિલન આલેખાયું છે. એ અનુસાર દ્યુમત્સેનને ફરીથી દૃષ્ટિ પ્રાપ્ત થતાં પોતાના પુત્ર અને પુત્રવધૂને શોધવા પોતાની પત્ની શૈબ્યા સાથે સર્વ આશ્રમોમાં જાય છે. અને તેઓ ના મળતાં અત્યંત વેદના પામે છે. ત્યારે સુવર્ચા, ગૌતમ, ભારદ્વાજ, દાલ્ભ્ય, આપસ્તંબ, ધૌમ્ય આદિ ઋષિઓ એમને વીંટળાઈ વળીને સત્યવાન જીવે છે એ બાબતની ધરપત આપે છે. ત્યારબાદ સાવિત્રી સત્યવાન સાથે આશ્રમમાં પાછી ફરે છે. સર્વેની પૃચ્છાના પ્રત્યુત્તરરૂપે તે વનનું વૃત્તાંત સવિસ્તાર જણાવે છે. એ શ્રવણ કરીને સર્વે પ્રસન્ન થાય છે.

સાતમા અંતિમ (૨૯૯) અધ્યાયમાં દ્યુમત્સેનની રાજ્યપ્રાપ્તિનું આલેખન છે. એ મુજબ શાલ્વદેશથી આખું પ્રધાનમંડળ દ્યુમત્સેન પાસે આવે છે. દ્યુમત્સેનના શત્રુનો એના જ પ્રધાને વધ કર્યો છે એમ જણાવી હવે દ્યુમત્સેન આંખે દેખતા હોય કે ના હોય છતાં સર્વે પ્રજાજનો રાજા તરીકે એમને જ ઝંખે છે એવી રજૂઆત કરે છે. દ્યુમત્સેન એ માટેની અનુમતિ આપે છે માટે તેઓ શાલ્વ દેશમાં પુનઃ પ્રવેશ કરે છે. ત્યાં દ્યુમત્સેનનો રાજ્યાભિષેક થાય છે અને સત્યવાનની યુવરાજ તરીકે વરણી થાય છે. ત્યારબાદ સાવિત્રીને પણ સો વીર્યવાન પુત્રો જન્મે છે.

આમ, સાવિત્રી પોતાની મત, માતાપિતા, સાસુસસરા તેમજ સ્વામીના કુળનાં સર્વે સંકટો દૂર કરે છે. આ કથા હિંદુ સંસ્કૃતિમાં જેઠ સુદ પૂનમના દિવસે આવતા વટસાવિત્રીના વ્રત સાથે સંકળાયેલી છે. સ્ત્રીઓ આ વ્રત મોટેભાગે કરતી હોય છે.

સાત અધ્યાયમાં વિસ્તરેલા ૨૯૭ શ્લોકોના આ ઉપાખ્યાનને શ્રી અરવિંદ લગભગ ૨૪,૦૦૦ જેટલી પંક્તિઓમાં મહાકાવ્યરૂપે આલેખે છે. તેમાં તેઓ કથા તો મુખ્યત્વે આ જ રાખે છે પરંતુ એનું એક જીવંત પ્રતીકમાં રૂપાંતરણ કરી દે છે. એ અંગે સ્વયં શ્રી અરવિંદ જણાવે છે : "આ કથા... વૈદિક યુગની અનેક પ્રતીકરૂપ કથાઓમાંની એક છે. સત્યવાન

એ પોતાની અંદર પરમ સત્‌ના દિવ્ય સત્યને ધારણ કરતો આત્મા છે. પરંતુ તે મૃત્યુ અને અવિદ્યાની પકડમાં નીચે ઊતરેલો છે; સાવિત્રી એ દિવ્યવાણી છે, સૂર્યની પુત્રી છે. પરમ સત્યની દેવી છે અને તે નીચે આવે છે અને ઉદ્ધાર કરવાને જન્મ લે છે; અશ્વપતિ, અશ્વોનો પતિ, સાવિત્રીનો માનવપિતા, તે તપસ્યાનો પતિ છે, આધ્યાત્મિક સાધનાની એકાગ્ર બનેલી શક્તિ છે, અને તે શક્તિ આપણને માનવભૂમિકાઓ પરથી અમરત્વની ભૂમિકાઓ ઉપર પહોંચવામાં મદદ કરે છે. દ્યુમત્સેન — પ્રકાશપૂર્ણ સેનાનો પતિ, સત્યવાનનો પિતા, તે દિવ્ય મન છે કે જે અહીં આવીને અંધ બની ગયું છે, દૃષ્ટિના દિવ્ય રાજ્યને તેણે ગુમાવી દીધું છે, અને એમાંથી તેણે પ્રકાશનું રાજ્ય ગુમાવેલું છે"[*૨૨]

'સાવિત્રી' મહાકાવ્ય પોતે શા માટે લખ્યું એની સ્પષ્ટતા કરતાં શ્રી અરવિંદ જણાવે છે: "...પણ મારે જો સામાન્ય વાચકો માટે 'સાવિત્રી' લખવાનું હોત તો હું 'સાવિત્રી' બિલકુલ લખત જ નહિ. ખરું જોતાં, મેં મારી જાતને માટે – મારે પોતાને માટે – 'સાવિત્રી' લખ્યું છે અને 'મરમ'વાળી પોતાની કવિતાના વસ્તુને, રૂપકોને તથા આયોજનને જે લોકો પોતાના માનસ ઉપર કાર્ય કરવા દઈ શકે તેમને માટે મેં તે લખ્યું છે."[*૨૩]

શ્રી અરવિંદે 'સાવિત્રી' મહાકાવ્યના લેખનને ઉર્ધ્વારોહણના એક સાધન તરીકે સ્વીકાર્યું હોય છે. એ ભૂમિકાને સ્પષ્ટ કરતાં તેઓ જણાવે છે: "જ્યારે જ્યારે હું એક વધુ ઉચ્ચ ભૂમિકા ઉપર પહોંચી શકતો ત્યારે ત્યારે હું ફરીથી એ ભૂમિકા પરથી લખતો હતો. વળી હું ખાસ તો એ જોતો કે એનો જો કોઈ ભાગ કોઈ નીચેની ભૂમિકા પરથી આવતો દેખાય તો એ સારી કવિતા છે એટલા માટે તેને એમને એમ રહેવા દઈને હું સંતોષ માનતો ન હતો. આખી જ વસ્તુ બની શકે ત્યાં લગી એક જ ટંકશાળની બનવી જોઈતી હતી. હકીકત તો એ છે કે 'સાવિત્રી'ને મેં એક લખી નાખીને પૂરું કરી દેવાના કાવ્ય તરીકે જોયું નથી, પરંતુ કવિતા આપણી પોતાની યૌગિક ચેતનાથી કેટલે સુધી લખી શકાય તેમ છે તથા તેને કેવી રીતે સર્જનરૂપ

કરી શકાય તેમ છે તે માટેના પ્રયોગના ક્ષેત્રરૂપ ગણ્યું છે."*૨૫ 'સાવિત્રી' મહાકાવ્ય માટે શ્રી અરવિંદનો આવો વિશિષ્ટ અભિગમ હોવાથી તેમના દ્વારા એનું સતત લેખન-પુનર્લેખન થતું રહ્યું છે. આમ 'સાવિત્રી' લેખનનો આરંભ ગઈ સદીના અંતિમ વર્ષોથી થાય છે અને એનું સમાપન આ સદીના મધ્યભાગમાં થાય છે. શ્રી અરવિંદના જીવનના આખરી કાળ સુધી- લગભગ અડધી સદી સુધી- 'સાવિત્રી' એમની વહાલપભરી માવજત- પરિષ્કૃતિ પામ્યું છે એ વિશેષ રૂપે ઉલ્લેખનીય ઘટના છે.

## 'સાવિત્રી': રચનાસૂત્ર અને કથાવસ્તુ:

'સાવિત્રી' અનેક વર્ષોમાં જુદા જુદા ખંડો (Parts), પર્વો (Books) અને સર્ગો (cantos)માં રચાયેલું છે. સર્ગ એનું મહાકાવ્યના અધ્યાય જેવું એકમ છે. આવા જુદા જુદા સર્ગો મળીને પર્વ બને છે અને જુદાં જુદાં પર્વો મળીને ખંડ. 'સાવિત્રી'માં કુલ ત્રણ ખંડો આવેલા છે. શ્રી અરવિંદે એમને કશાં નામ આપ્યાં નથી. પ્રથમ ખંડ ત્રણ પર્વોનો બનેલો છે. બીજો ખંડ પાંચ પર્વોનો અને ત્રીજો ચાર પર્વોનો બનેલો છે. આમ, 'સાવિત્રી'માં કુલ ત્રણ ખંડોમાં વહેંચાયેલાં બાર પર્વો આવેલાં છે. આ તમામ પર્વો જુદી જુદી સંખ્યાનાં સર્ગોનાં બનેલાં છે. આ રીતે 'સાવિત્રી'માં બધાં થઈને કુલ ૪૯ સર્ગો આવેલા છે. 'સાવિત્રી' આમ, ત્રણ ખંડો, બાર પર્વો, ૪૯ સર્ગો, કુલ ૭૨૪ પૃષ્ઠોમાં અને આશરે ૨૪,૦૦૦ પંક્તિઓમાં વિસ્તરે છે. અંગ્રેજી ભાષામાં અદ્યાપિપર્યંત રચાયેલા તમામ મહાકાવ્યોમાં પંક્તિસંખ્યાની દૃષ્ટિએ 'સાવિત્રી' લાંબામાં લાંબું છે.

'સાવિત્રી'ના પ્રથમ ખંડમાં શ્રી અરવિંદે મુખ્યત્વે રાજા અશ્વપતિની યોગસાધના અને તેની ફલશ્રુતિનું નિરૂપણ કર્યું છે. આ ખંડના પ્રથમ પર્વનું એમણે નામકરણ કર્યું છે: 'આરંભોનું પર્વ' (The Book of Beginnings). આ દ્વારા મહાકાવ્યનો આરંભ તો થાય છે પરંતુ શ્રી અરવિંદ સીધા 'સાવિત્રી'ની કેન્દ્રરૂપ

ઘરનામાં મૂકી આપે છે. આ ઘટના સત્યવાનના મૃત્યુદિનની ઉષાની છે. અહીં કેવળ વ્યક્તિગત સંઘર્ષ નથી પરંતુ વૈશ્વિક સંઘર્ષનું આલેખન કરવામાં આવ્યું છે. સત્યવાનના મૃત્યુ દિવસની ઉષા પ્રતીકાત્મક છે. અને એટલે જ પ્રથમ સર્ગનું નામ છે: 'પ્રતીકાત્મક ઉષા' (The Symbol Dawn). સાવિત્રીએ પોતાના દુર્દૈવને સ્વીકારી લઈને સત્યવાનની સાથે પોતાના પણ જીવનનો અંત આણવો કે પછી મૃત્યુને પડકારીને તેના પર વિજય મેળવવો? આ એક નિર્ણય માગતો પ્રશ્ન છે. 'સાવિત્રી'ના બીજા સર્ગમાં આ પ્રશ્ન રજૂ થયો છે. પ્રથમ પર્વના બાકીના ત્રણ સર્ગોમાં અશ્વપતિની યોગસાધનાનું આલેખન થયું છે. અહીં અશ્વપતિ એક સંતાનહીન રાજા મટી જઈને આત્મજ્ઞાન અને વિશ્વજ્ઞાન પ્રાપ્ત કરવા સમગ્ર માનવજાતના પ્રતિનિધિરૂપે આ યોગસાધના કરે છે.

પ્રથમ ખંડના બીજા પર્વમાં રાજા અશ્વપતિની જુદા જુદા વિશ્વોની અંતરાત્મયાત્રા વિસ્તૃત રીતે આલેખાઈ છે. અહીં રાજા સ્થૂલ પાર્થિવ ભૂમિકાએથી આરોહણ કરીને જુદા જુદા વિશ્વો વટાવીને છેવટે વિશ્વચેતના સુધી પહોંચે છે. ત્યારબાદ પૃથ્વી પર અત્યાર સુધી અપ્રગટ રહેલા વિશ્વોનું પણ તે દર્શન કરે છે. 'મહાભારત'માં વ્યાસે અશ્વપતિની યોગસાધનાનો નિર્દેશ માત્ર દશ-બાર પંક્તિઓમાં જ કર્યો છે જ્યારે અહીં એનું આલેખન અપરોક્ષાનુભૂતિ-જનિત બાનીમાં થયું છે. 'સાવિત્રી'નું આ મોટામાં મોટું પર્વ છે. એમાં પંદર સર્ગો આવેલા છે. શ્રી અરવિંદે એનું નામ આપ્યું છે: 'ભુવનોના યાત્રીનું પર્વ' (The Book of the Traveller of the Worlds).

ત્રીજા પર્વમાં રાજા પ્રગટ વિશ્વથી પરની ભૂમિકાઓમાં પ્રવેશ કરે છે. ત્યાં આદ્યાશક્તિ મા ભગવતીનો તેને સાક્ષાત્કાર થાય છે. અશ્વપતિ તેમને માનવજાતિના અજ્ઞાન તથા મૃત્યુ પર વિજય મેળવવા સહાય માટે પ્રાર્થે છે. જ્યાં સુધી મા ભગવતી પોતે જ કોઈ માનવદેહ ધારણ કરીને પૃથ્વી પર પ્રગટે નહીં ત્યાં સુધી મનુષ્યના આ બધા વિકટ પ્રશ્નોનો ઉકેલ આવી શકશે નહીં એમ જણાવી એમને એ પૃથ્વી પર જન્મ લેવા વિનવે છે. મા ભગવતી

એને વરદાન આપે છે કે પોતે એને ત્યાં પુત્રી તરીકે જન્મ લેશે. પ્રભુની રૂપાંતરકારી પણ આવનાં બધું જ બદલાઈ જશે. શ્રી અરવિંદે આ પર્વનું નામ આપ્યું છે : 'ભગવતી શ્રીમાતાનું પર્વ' (The Book of The Divine Mother). અહીં 'સાવિત્રી' મહાકાવ્યનો પ્રથમ ખંડ પૂરો થાય છે. જે બાકીના બે ખંડો કરતાં સૌથી વધુ 348 પૃષ્ઠો ધરાવે છે.

'સાવિત્રી'નો બીજો ખંડ પાંચ પર્વો ધરાવે છે. ચોથા પર્વમાં સાવિત્રીના જન્મ, બાલ્ય, કિશોર અને એના વિકાસનું આલેખન છે. ઉચિત રીતે જ એ પર્વનું નામ અપાયું છે : 'જન્મ અને ખોજનું પર્વ' (The Book of Birth and Quest). આ પર્વના ત્રીજા સર્ગમાં અશ્વપતિને સાવિત્રીની દિવ્યતાનો અનુભવ થાય છે. અને તે એને પોતાનો જીવનસાથી પસંદ કરવાનું સૂચન કરે છે. આમ, સાવિત્રીની શોધ આરંભાય છે.

વનપ્રદેશમાં સાવિત્રીને શાલ્વદેશના પદભ્રષ્ટ અંધ રાજવી દ્યુમત્સેનના પુત્ર સત્યવાનનો ભેટો થાય છે, એનું આલેખન 'પ્રેમનું પર્વ' (The Book of Love) નામના પાંચમા પર્વમાં કરવામાં આવ્યું છે. આ પર્વ ત્રણ સર્ગોમાં વહેંચાયેલું છે. એનો પ્રથમ સર્ગ 'સાવિત્રી' મહાકાવ્યનો નાનામાં નાનો છે. એમાં સત્યવાન અને સાવિત્રીના નિર્મિત મિલનસ્થાનનું આલેખન થયું છે. સાવિત્રી સત્યવાનને પોતાના જીવનસાથી તરીકે સ્વીકારે છે. એ પોતાની પસંદગી માતાપિતાને જણાવવા માટે પાછી ફરે છે.

છઠ્ઠા પર્વમાં સંઘર્ષપૂર્ણ મનોવૈજ્ઞાનિક ઘટનાનું આલેખન થયું છે. એનાં પાત્રો છે : એકમાત્ર માનવીય ગુણો ધરાવતી સાવિત્રીની પાર્થિવ માતા, સાવિત્રીનો યોગારૂઢ પિતા અશ્વપતિ, રહસ્યદ્રષ્ટા દેવર્ષિ નારદ અને માનવદેહધારી દિવ્યતા – સાવિત્રી પોતે. સાવિત્રી મદ્ર પહોંચે છે ત્યારે ત્યાં દેવર્ષિ નારદ પધાર્યા હોય છે. તેઓ સાવિત્રીને મહાન સત્વ તરીકે ઓળખી શકે છે. સાવિત્રી પોતાની પસંદગી જણાવે છે. સત્યવાનના ભાવિ અંગે સાવિત્રીની માની પૃચ્છાના જવાબમાં આનાકાની બાદ નારદ સત્યવાનના દુર્દૈવનું કથન કરે છે. સાવિત્રીને એની મા ફરીથી બીજી પસંદગી કરવા

સમજાવે છે. પરંતુ સાવિત્રી પોતાના સંકલ્પમાં અવિચળ રહે છે. શ્રી અરવિંદે આ સર્ગનું નામ આપ્યું છે: 'વિધિનો શબ્દ' (The Word of Fate) અને આ પર્વનું નામ છે 'વિધિનું પર્વ' (The Book of Fate). આ જ પર્વના બીજા સર્ગમાં માનવમનના એક જટીલ પ્રશ્ન દુઃખની સમસ્યાની શ્રી અરવિંદ છણાવટ કરે છે.

ત્યારબાદ સાતમા પર્વમાં સત્યવાન સાથેનું સાવિત્રીનું એક વર્ષનું દાંપત્યજીવન આલેખાયું છે. પોતાના જીવનની આ અત્યંત મહત્વપૂર્ણ પળને ખુમારીથી પડકારવા સાવિત્રી યોગસાધના કરે છે. પોતાના ચૈત્ય આત્માને પ્રાપ્ત કરે છે. દુર્દૈવને પડકારવા આ રીતે તે સજ્જ થાય છે. સાત સર્ગોમાં વિસ્તરેલા આ પર્વનું નામ શ્રી અરવિંદે 'યોગનું પર્વ' (The Book of Yoga) આપ્યું છે.

ત્યારબાદ સત્યવાનના મૃત્યુનો દિવસ આવે છે. એનું આલેખન 'મૃત્યુનું પર્વ' (The Book of Death)માં થયું છે. 'સાવિત્રી'નું આ નાનામાં નાનું પર્વ છે. એનું અનુસંધાન 'સાવિત્રી'ના પ્રથમ પર્વના પ્રથમ બે સર્ગો સાથે છે. વનમાં સત્યવાનનું મૃત્યુ થાય છે. એ વખતે સાવિત્રી ત્યાં સાથે જ હોય છે. એને જંગલમાં એક બીજી અજાણી સત્તાની ઉપસ્થિતિનું ભાન થાય છે. એ હોય છે મૃત્યુનો અધિષ્ઠાતા દેવ યમ. અહીં 'સાવિત્રી' મહાકાવ્યનો બીજો ખંડ સમાપ્ત થાય છે. આ ખંડ ૨૧૭ પૃષ્ઠોમાં વિસ્તર્યો છે.

'સાવિત્રી' મહાકાવ્યના ત્રીજા ખંડમાં મૃત્યુ પછીની સ્થિતિનું વર્ણન, સાવિત્રીનો મૃત્યુ સાથેનો મુકાબલો અને મૃત્યુ પર તેનો વિજય આલેખાયો છે. આ ખંડ ચાર પર્વોનો બનેલો છે. નવમા પર્વનું નામ છે: 'નિત્યની રાત્રિનું પર્વ' (The Book of the Eternal Night). આ પર્વ બે સર્ગો ધરાવે છે. એમાં સાવિત્રી મૃત્યુરૂપી કાળા શૂન્ય પ્રત્યે પ્રબુદ્ધ થઈ એની સાથે નિત્યની રાત્રિમાં જે યાત્રા કરે છે એનું આલેખન થયું છે. મૃત્યુનો દેવ યમ એને ડરાવીને પાછી ભગાડી મૂકવા પૂરતી કોશિશ કરે છે. પરંતુ તે નાકામિયાબ રહે છે.

દશમું પર્વ ચાર સર્ગોમાં વિસ્તરે છે. એનું નામ છે 'દ્વિગુણ

સંધિપ્રકાશનું પર્વ' (The Book of Double Twilight) અહીં યમ મનુષ્યના જીવનના જટિલ પ્રશ્નો, એના રજૂ થયેલા ઉકેલો અને એ બધાની અપૂર્ણતા દર્શાવે છે. સાવિત્રી પૂર્ણતાની શરતો અને માનવપ્રકૃતિમાં ખૂટતાં તત્ત્વોનો નિર્દેશ કરે છે. એ બે વચ્ચે જબરજસ્ત વાદવિવાદ થાય છે જેમાં સાવિત્રી મનુષ્યના સ્વર્ગના ભાવિનો ઉદ્ઘોષ કરે છે. યમ હજુ પણ સત્યવાનને પોતાના પાશમાંથી મુક્ત કરવાની આનાકાની કરે છે. તે પાર્થિવ ભૂમિકામાં સાવિત્રીમાં પ્રગટ થયેલા ઈશ્વરનાં દર્શન કરવાની અને એની આજ્ઞા પાળવાનો આગ્રહ રાખે છે. ત્યારે સાવિત્રીમાં પરમોચ્ચ રૂપાંતરણ થાય છે. તે પોતાનું દિવ્યસ્વરૂપ પ્રગટ કરે છે અને એમાં યમ લય પામી જાય છે.

આખરે તો એ ઈશ્વરના સંકલ્પ અનુસાર જગતમાં કાર્ય કરી રહેલી એક શક્તિ જ હોય છે. તે પોતાનો મૃત્યુરૂપી અજ્ઞાનનો અંચળો દૂર કરી દે છે. અને અગિયારમા પર્વમાં તે વિરાટ, હિરણ્યગર્ભ અને પરાત્પર સ્વરૂપે સાવિત્રીની સમક્ષ ઉપસ્થિત થાય છે. એ સત્યવાનને મૃત્યુના ગ્રાહમાંથી મુક્ત કરીને એને અને સાવિત્રીને પોતાના પ્રતિનિધિરૂપે પૃથ્વી પર પાછાં મોકલે છે, અને એમના દ્વારા પોતે પોતાનાં કાર્યો સંપન્ન કરવાનું વરદાન આપે છે. પૃથ્વીના જીવનનું દિવ્ય જીવનમાં રૂપાંતરણ કઈ રીતે થશે તેનો નિર્દેશ કરે છે. આ પર્વનું નામ અપાયું છે 'સદાસ્થાયી દિવસનું પર્વ.' (The Book of the Everlasting Day.). આ પર્વમાં એક જ સર્ગ છે. જે 'સાવિત્રી' મહાકાવ્યનો મોટામાં મોટો સર્ગ છે.

અંતે બારમું પર્વ ઉપસંહારનું છે. એમાં સત્યવાન-સાવિત્રીનું પૃથ્વીલોકમાં પુનરાગમન થાય છે. તેઓ પોતાના આશ્રમ તરફ પાછાં ફરતાં હોય છે ત્યાં સત્યવાનનાં માતાપિતા સામાં મળે છે. તેઓ એમને શોધવા નીકળ્યાં હોય છે. દ્યુમત્સેનને પોતાની દૃષ્ટિ અને ગુમાવેલું રાજ્ય પાછાં મળ્યાં હોય છે. સર્વે સાવિત્રીમાં થયેલા અપૂર્વ રૂપાંતરને નિહાળીને આશ્ચર્ય પામે છે. પછી સર્વે દક્ષિણ દિશા તરફ આનંદપૂર્વક

પ્રયાણ કરે છે. રાત્રિ પોતાના ગર્ભમાં મહત્તર ઉષાને સેવી રહી હોય છે. આમ, 'સાવિત્રી' મહાકાવ્ય સમાપ્ત થાય છે.

## 'સાવિત્રી'માં ભાષાકર્મ

### (ક) છંદવિધાન :-

અંગ્રેજીમાં મહાકાવ્યો બહુધા બ્લૅંક વર્સમાં રચાતાં હોય છે. બ.ક. ઠાકોર માને છે કે 'વાંસળીમાં સારંગીનું સંગીત શક્ય નથી, તેમ મહાકાવ્ય બ્લૅંક વર્સના સાધન વગર શક્ય નથી.'*૨૫ 'સાવિત્રી'માં શ્રી અરવિંદે બ્લૅંક વર્સ જ પ્રયોજ્યો છે. બ્લૅંક વર્સ અંગે 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' જણાવે છે કે -

"Blank verse, the unrhymed measure of iambic decasyllable adopted in English epic and dramatic poetry. The epithet is due to the absence of the rhyme the ear expects at the end of successive lines."*૨૬

બ્લૅંક વર્સના અંગ્રેજી સ્વરૂપ અંગે સેન્ટ્સબરી 'મૅન્યુઅલ ઑફ ઇંગ્લીશ પ્રોસોડી'માં ત્રણ લક્ષણો આપે છે : (1) The overrunning of the lines એટલે કે વાક્યનું એક પંક્તિમાંથી ઉભરાઈને બીજીમાં વહેવું. (૨) the variation of the pause- યતિને પંક્તિમાં યથેચ્છ સ્થાને મૂકવાની સગવડ અને (૩) the employment of the trisyllabic feet અર્થાત્ ત્ર્યક્ષર સંધિ કે બોજનો પ્રયોગ.*૨૭

છંદોવિધાનની દ્રષ્ટિએ જોતાં 'સાવિત્રી'ની મોટાભાગની પંક્તિઓ એક અર્થમાં પંક્તિને અંતે વિરમતી (end stoped) હોય છે. પ્રત્યેક પંક્તિ દર્શનની એક નક્કર અર્થછાયા ધરાવે છે. છતાં આ તમામ પંક્તિઓ સમગ્ર સર્ગ, પર્વ, ખંડ અને કૃતિ સાથે વિલક્ષણ રીતે સંકળાયેલી હોય છે. આ દ્રષ્ટિએ પ્રથમ પર્વના પાંચમા સર્ગની નીચેની પંક્તિઓ ટંકાવાઈ છે :

His being now exceeded thinkable space, (૭૯:૧૨) **
His boundless thought was neighbour to cosmic sight:
A universal light was in his eyes, (૭૯:૧૪)
A golden influx flowed through heart and brain;
A force came down into his mortal limbs, (૭૯:૧૬)
A current from eternal seas of Bliss;
He felt the invasion and the nameless joy. (૭૯:૧૮)

ઉપર્યુક્ત પંક્તિઓ enjambment ધરાવતી નથી. વળી એ આયામ્બિક પેન્ટામિટર (iambic pentameter) માં રચાયેલી છે. આ છંદ આરોહણ પામતો લય ધરાવે છે. આ અંગે ડૉ. દયાશંકર મિશ્ર જણાવે છે: "Here it suggests rising currents of joy that surge from 'eternal seas of Bliss'. Each line is like a wave of ecstasy that merges into other waves of mystic experience." *૨૪

'સાવિત્રી'માં પ્રયોજાયેલા બ્લૅન્ક વર્સ અંગે શ્રી અરવિંદ કહે છે: "The structure of the pentameter blank verse in 'Savitri' is of its own kind and different in plan from the blank verse that has come to be ordinarily used in English poetry. It dispenses with enjambment or uses it very sparingly and only when a special effect is intended; each line must be strong enough to stand by itself, while at the same time it fits harmoniously into the sentence or paragraph like stone added to stone

---

** 'સાવિત્રી'ની પંક્તિની અંતે કૌંસમાં દર્શાવેલ પ્રથમ આંકો 'સાવિત્રી'ની શતાબ્દી આવૃત્તિ (૧૯૭૨) નો પૃષ્ઠક્રમાંક અને એ પછીનો આંક પંક્તિક્રમાંક દર્શાવે છે. આ વ્યવસ્થા હવે પછી કાયમ રાખી છે.

the sentence consists usually one, two, three or four lines, more rarely five or six or seven: a strong close for the line and a strong close for the sentence and almost indispensable except when some kind of inconclusive cadence is desirable; here must be no laxity or diffusiveness in the rhythm or in the metrical flow anywhere - there must be a flow but not a loose flux."[*૨૫]

(ખ) શબ્દ ચયન :

'સાવિત્રી'માં શ્રી અરવિંદે કોઈ વૈજ્ઞાનિકની ચોકસાઈ, ફિલસૂફની સ્પષ્ટતા અને 'કવિ'ની કલ્પનશીલતા તેમજ સંવેદનાસભર ભવ્યતાપી શબ્દો દ્વારા અવર્ણનીય - અવ્યક્ત એવી પોતાની આધ્યાત્મિક અનુભૂતિઓને અભિવ્યક્ત કરી છે. અંગ્રેજી ભાષા વિલિયમ બ્લેક જેવા જૂજ અપવાદોને બાદ કરતાં આવા હેતુઓ માટે ઘડાઈ નથી. માટે શ્રી અરવિંદે પોતાની આગવી કાવ્યબાની ઉપજાવી છે.

શ્રી અરવિંદે 'સાવિત્રી'માં પ્રયોજેલી કાવ્યબાનીમાં શબ્દોનું ચયન (Diction) કાવ્યાત્મક શબ્દો - જે ટેનિસન કે સ્વીનબર્ન જેવા કવિઓની મર્યાદા બની ગયેલ છે - પૂરતું જ સીમિત નથી. એમાં જ્ઞાનવિજ્ઞાનની અનેકવિધ શાખા-પ્રશાખાઓના શબ્દો સહજ પ્રયોજાયેલા છે. 'સાવિત્રી'ના બીજા પર્વના અગિયારમા સર્ગની નીચેની પંક્તિઓમાંના શબ્દોનું ચયન આ દૃષ્ટિએ ધ્યાનાર્હ છે:

They clamped to syllogism of finite thought (૨69:14)
The free logic of an infinite consciousness,
Grammared the hidden rhythms of Nature's dance, (૨69:16)
Critiqued the plot of the drama of the worlds,
Made figure and number a key to all that is: (૨69:18)
The psychoanalysis of cosmic self
Was traced, its secrets hunted down, and read (૨69:૨0)

The unknown pathology of the Unique. (૨૬૧:૨૧)

એ જ રીતે અંતિમ વિજયની પ્રાપ્તિ માટેના આત્માના સંગ્રામનું આલેખન કરતો છઠ્ઠા પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિઓમાં લશ્કરની પરિભાષા પ્રયોજાયેલી જોઈ શકાય છે :

Across the dust and mire of the earthly plain, (459:6)
On many-guarded lines and dangerous fronts,
In dire assaults, in wounded slow retreats, (459:8)
- - - - -
- - - - -
Led by its nomad vanguard's signal fires, (459:18)
Marches the army of the waylost god. (459:19)

એ જ રીતે 'સાવિત્રી'માં પ્રયોજાયેલી વિજ્ઞાન અને ટેક્નોલોજીની પરિભાષાની ચર્ચા અન્યત્ર કરવામાં આવી છે.

'સાવિત્રી'માં 'Void', 'nescience', 'Oversoul,' 'Overmind', 'Supermind' જેવા પારિભાષિક શબ્દો વિપુલ પ્રમાણમાં પ્રયોજાયેલા છે. આવા શબ્દોને અમૂર્ત પારિભાષિક શબ્દો (jargons) લેખે અવગણી શકાય એમ નથી. જે રીતે મિલ્ટનમાં ખગોળશાસ્ત્રીય કે ડાન્ટેમાં ધર્મશાસ્ત્ર (Theology)ની સંજ્ઞાઓ મહત્ત્વની છે એ જ રીતે 'સાવિત્રી'માં આવી સંજ્ઞાઓ મહત્ત્વપૂર્ણ છે. એ અંગે એક પત્રમાં શ્રી અરવિંદ કહે છે :

"It ('Savitri') expresses or tries to express total and many sided vision and experience of all the planes of being and their action upon each other. Whatever language, whatever terms are necessary to convey this truth of vision and experience it uses without scruple or admitting any mental rule of what is or is not poetic. It does not hesitate to employ terms which might be considered as technical when these can be turned to express

something direct, vivid and powerful."[*30]

'સાવિત્રી'માં સંયોગચિહ્ન (hyphen) થી જોડાયેલા શબ્દોનો વિનિયોગ પણ નોંધપાત્ર છે. આવા શબ્દો મોટે ભાગે 'well-built', 'good-natured' જેવાં વિશેષણો કે ક્રિયાપદો હોય છે. પરંતુ ક્યારેક આવા શબ્દો વિશેષરૂપે નોંધપાત્ર બની રહે છે જેમકે

honey-fire (15:૨૬) ; eagle-peaks (૪૭:11)
moon-flame (૪૭:૧૨); dream-smiles (૪૯:1)
dream-fact (61:૨5); dream-light (૭1:૨૦)
Truth-Light (૭૨:3૨) ; flame-child (૭૦૨:૨૨).

આવા શબ્દો નોંધપાત્ર કલ્પનો સર્જતા હોય છે. એ અંગે રામેશ્વર ગુપ્તા કહે છે:

'The hyphen in such cases serves as if it were the narrow isthmus of the ascending soul, while the juxtaposed substantives themselves make mighty images, each image by its own particular intensity and in its own particular context giving us apprehension of the soul's sunny-sweet altitudes."[*31]

'સાવિત્રી'માં અંગ્રેજી સાહિત્યની વિખ્યાત પંક્તિઓ અને શબ્દસમૂહો (Phrases)ના પરોક્ષ ઉલ્લેખો (literary allusions) પણ નોંધપાત્ર પ્રમાણમાં જોઈ શકાય છે. દાખલા તરીકે 'સાવિત્રી'ના પ્રથમ પર્વના પ્રથમ સર્ગની નીચેની પંક્તિ જોઈએ:

All grew a consecration and a rite '(4:3૨)

વર્ડ્ઝવર્થની નીચે દર્શાવેલ પંક્તિ -

'the consecration and the poet's dream'

નું સહજ સ્મરણ કરાવે છે.

આ જ રીતે સાવિત્રીના ચોથા પર્વના પહેલા સર્ગની

નીચેની પંક્તિઓ :

Time cannot weary her nor the void subdue,
The ages have not made her passion less. (354:8,9)

શેક્સપિયરે કરેલા ક્લિયોપેટ્રાના વિખ્યાત વર્ણનનું સ્મરણ કરાવે છે. આ પ્રયુક્તિથી શ્રી અરવિંદ પોતાની આધ્યાત્મિક અનુભૂતિઓને સચોટ રીતે તો અભિવ્યક્ત કરે જ છે, સાથે સાથે અંગ્રેજી સાહિત્યની પરંપરા સાથેનું એનું સાતત્ય પણ દર્શાવે છે. વી.કે.ગોકાક આવી 130 જેટલી પંક્તિઓની 'સાવિત્રી'માંથી નોંધ કરે છે. તેઓ સ્પષ્ટ-પણે માને છે કે આવા પરોક્ષ સાહિત્યિક સંદર્ભો કાવ્યના સૌંદર્યાત્મક તાત્પર્યને કલાત્મક રીતે સમૃદ્ધ કરે છે.

'સાવિત્રી'ના શબ્દચયન અંગે સમગ્રપણે વી.કે.ગોકાક જણાવે છે:

The Diction is neoclassical, metaphysical and modernistic even as it is Romantic. It changes its colour and contour according to the context and theme and 'Savitri' is rich in its theme and context."*૩૨

## (ગ) શૈલી:

શૈલીની દૃષ્ટિએ પણ 'સાવિત્રી' એક વિલક્ષણ મહાકાવ્ય છે. એમાં શ્રી અરવિંદના કવિકર્મનો આહ્લાદક અનુભવ થાય છે. 'સાવિત્રી'માં કર્તા કોઈ પાત્રના પ્રવેશ કે ઘટનાનું આલેખન સૌપ્રથમ સ્વાભાવોક્તિપૂર્ણ કરે છે અને પછી એને કોઈ રૂપક દ્વારા મહાન કવિતામાં રૂપાંતરિત કરી દે છે. આ દૃષ્ટિએ પાંચમા પર્વના ત્રીજા સર્ગની સત્યવાનને સંબોધાયેલી સાવિત્રીની ઉક્તિ નોંધપાત્ર છે.

Musing she answered: I am Savitri, (40૨:33)
Princess of Madra. Who art thou? What name
Musical on earth expresses thee to men? (40૨:35)
What trunk of King watered by fortunate streams
Has flowered at last upon one happy branch? (403:1)

અહીં પ્રથમ ત્રણ પંક્તિઓમાં પરિચયનું સામાન્ય કથન અને પૃચ્છા છે. પરંતુ અંતિમ બે પંક્તિઓમાં પ્રયોજાયેલા દીપીના રૂપક દ્વારા સાદું કથન કવિની અલૌકિક પ્રતિભાનો પરિસ્પંદ પ્રાપ્ત કરતાં વિશેષ સાંતર્પક બની રહે છે.

એ જ રીતે કવિ જ્યારે કોઈ ઘટનાનું આલેખન કરે છે ત્યારે સ્વભાવોક્તિપૂર્ણ વર્ણન કરે છે. એમાં ઘટનાને યોગ્ય વાતાવરણ સર્જાય એવા શબ્દોનો સૂઝપૂર્વક વિનિયોગ કરે છે. આ સંદર્ભે આઠમા પર્વના ત્રીજા સર્ગની સત્યવાનના મૃત્યુનું આલેખન કરતી નીચેની પંક્તિઓ નોંધપાત્ર છે:

There was no cry of birds, no voice of beasts. (565:14)
A terror and an anguish filled the world,
As if annihilation's mystery (565:16)
Had taken a sensible form (565:17)
.....
.....
She knew that visible Death was standing there (565:33)
And Satyavan had passed from her embrace. (565:34)

ઉપર્યુક્ત પંક્તિઓ દ્વારા સર્જાતું ભયાનક સ્તબ્ધતાનું વાતાવરણ સંવેદી શકાય એમ છે.

'સાવિત્રી' મહાકાવ્યમાં લિરિકલ, ચિંતનાત્મક, પુરાકલ્પનાત્મક આદિ વિવિધ શૈલીઓનું આલેખન જોવા મળે છે.

સાવિત્રીના જન્મ પૂર્વેની વસંત ઋતુનું આલેખન <u>લિરિકલ શૈલી</u> (lyrical style)નું નોંધપાત્ર દૃષ્ટાંત છે.

Then Spring, an ardent lover, leaped through leaves, (351:26)
And caught the earth-bride in his eager clasp;
His advent was a fire of irised hues, (351:27)
His arms were a circle of the arrival of joy.

રંગદર્શી કવિઓની માફક શ્રી અરવિંદે વસંત અને વસુધાને પ્રેમી યુગલનું રૂપક આપીને અહીં ચમત્કૃતિ સર્જી છે.

અશ્વપતિના મા ભગવતી સાથેના, સાવિત્રીના યમ, સત્યવાન કે ચૈત્યાત્માની ત્રિવિધ શક્તિઓ સાથેના સંવાદોમાં નાટ્યાત્મક શૈલી જોઈ શકાય છે. એમાં મહાન કવિતા પ્રાપ્ત થાય છે. ત્રીજા પર્વના ચોથા સર્ગમાં મા ભગવતી અશ્વપતિને જે ઉદ્બોધન કરે છે એ આ દૃષ્ટિએ નોંધપાત્ર છે:

"O Son of Strength who climbst creation's peaks, (335:6)
No soul is thy companion in the light;
Alone thou standst at the eternal doors. (335:8)
What thou hast won is thine, but ask no more."

સાવિત્રી અને યમના સંવાદોમાં પણ અદ્ભુત નાટ્યાત્મકતા રહેલી છે. નવમા પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિઓ જોઈએ:

"O Death, who reasonest, I reason not, (544:13)
Reason that scans and breaks, but cannot build
Or builds in vain because she doubts her work.
I am, I love, I see, I act, I will." (544:16)

'સાવિત્રી'માં અનેક સ્થળે પ્રયોજાયેલી ચિંતનાત્મક શૈલી (reflective style)નું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રકૃતિની લીલાનું આલેખન કરતી પ્રથમ પર્વના ચોથા સર્ગની નીચેની પંક્તિઓ રૂપે પ્રાપ્ત થાય છે:

There are Two who are One and play in many worlds; (61:17)
In Knowledge and Ignorance they have spoken and met
And light and darkness are their eye's interchange: (61:19
Our pleasure and pain are their wrestle and embrace,
Our deeds, our hopes are intimate to their tale; (61:૨૧)
They are married secretly in our thought and life. (61:૨૨)

'સાવિત્રી'માં આ સિવાય પૃથક્કરણાત્મક શૈલીનો પણ વિનિયોગ થયેલો છે. એ દ્વારા ચેતનાના ઊર્ધ્વ-નિમ્ન સ્તરોની વાસ્તવિકતાનું

આલંબન થયેલું છે. બીજા પર્વના ચૌદમા સર્ગની નીચેની પંક્તિઓ આ સંદર્ભે ધ્યાનપાત્ર છે :

All there was soul or made of sheer soul-stuff : (૨૭૧:૩૪)
A sky of soul covered a deep soul-ground. (૨૭૧:૩૫)
All here was known by a spiritual sense : (૨૭૨:૧)
Thought was not there but a knowledge near and one
Seized on all things by a moved identity, (૨૭૨:3)

આ ઉપરાંત 'સાવિત્રી'માં હોમર, વર્જિલ, દાન્તે, વ્યાસ, કાલિદાસની શૈલીનાં પણ અનેક દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે. 'સાવિત્રી' મહાકાવ્યનું શૈલી વૈજ્ઞાનિક અધ્યયન સ્વતંત્ર મહાનિબંધની ગુંજાશ ધરાવે છે. અહીં તો એના પરત્વે કિંચિત અંગુલિનિર્દેશ જ કરાયો છે. 'સાવિત્રી'ની શૈલીનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરતાં દયાશંકર મિશ્ર કહે છે :

"Savitri has a grand style and great poetic qualities. It has grandeur of thought, musical quality and the flight of imagination. It is remarkable for its felicity and novelty and decorum. Its apocalyptic speeches, however, might appear to be obscure and unnecessary to a careless reader : but they have their own significance. They explain and interpret the mystic experiences of the higher planes of consciousness." *૩૩

## (ઘ) અલંકારવિધાન :

'સાવિત્રી' મહાકાવ્યનું એક પણ પૃષ્ઠ એવું નથી કે જે કોઈને કોઈ ધ્યાનાર્હ અલંકારથી અલંકૃત ન હોય. એટલે 'સાવિત્રી'નું અલંકારવિધાન સ્વતંત્ર અભ્યાસનો વિષય બની રહે છે. માટે અહીં એમાંના કેટલાક પ્રતિનિધિરૂપ અલંકારો પરત્વે કેવળ સંકેત કરવાનો જ ઉપક્રમ છે.

શ્રી અરવિંદના મંતવ્ય અનુસાર મંત્રકવિતાનું એક મહત્વપૂર્ણ ઘટક ઉપમા અલંકાર છે. 'સાવિત્રી'માં તેના પ્રયોગો નોંધપાત્ર છે. પ્રથમ પર્વના પ્રથમ સર્ગનું એક દૃષ્ટાંત જોઈએ :

The darkness failed and slipped like a falling cloak
From the reeling body of a god. (3:૨૯,30).

અહીં રાત્રિનો અંધકાર (ઉપમેય) પ્રતીકાત્મક ઉષાના પ્રાગટ્યથી કઇ રીતે દૂર થઇ જાય છે તે દર્શાવવા આરામમાં ઢળેલા દેવના દેહ પરથી સરી પડતા ભમાનું ઉપમાન પ્રયોજ્યું છે.

પ્રાણમય ભૂમિકાના વસાહતોનું આલેખન 'સાવિત્રી'ના બીજા પર્વના ત્રીજા સર્ગની નીચેની પંક્તિઓમાં જે થયું છે તે જોઇએ-

As through a magic television's glass (119:૨૫)
Outlined to some magnifying inner eye
They shone like images thrown from a far scene
Too high and glad for mortal lids to seize. (119:૨૮).

અહીં સૂક્ષ્મ ભૂમિકાઓનું આલેખન ટેલિવિઝન જેવા વાસ્તવિક જગતના નક્કર ઉપમાન દ્વારા સુસ્પષ્ટ રીતે થઇ શક્યું છે.

સાવિત્રીના બાલ્યનું આલેખન કરતાં કવિ ચોથા પર્વના પહેલા સર્ગમાં સાવિત્રી માટે જે પક્ષીનું ઉપમાન પ્રયોજે છે તે અવલોકનીય છે:

Her nature dwelt in a strong separate air (355:19)
Like a strange bird with large rich coloured breast
That sojourns on a secret fruited bough (355:૨૧)
Lost in the emerald glory of the woods
Or flies above divine unreachable tops. (355:૨૩)

આ પંખી દિવ્ય અને અગમ્ય, ઊંચાં વૃક્ષો અને શિખરો પર ઉડ્ડયન કરતું રહે છે. આ દ્વારા સાવિત્રીની આંતરદશા તેમજ મહાનતાનું આલેખન સચોટ રીતે તેમજ કલાત્મકતાથી થયું છે એ નોંધવું રહ્યું.

અનેક સ્થળે 'સાવિત્રી'માં સમુદ્ર ઉપમાન તરીકે પ્રયોજાયેલો જોઇ શકાય છે. એનું ઊડીને આંખે વળગતું દૃષ્ટાંત નવમા પર્વના બીજા સર્ગમાં પ્રાપ્ત થાય છે. અહીં યમ સાવિત્રી સામે જે ત્રાડ નાખે છે તે ઝંઝા કેશાવળી-વાળા દૈત્યની જેમ છલંગતા સમુદ્રના ઘોર હાસ્યના ઉપમાન દ્વારા

આલેખાઈ છે.

As when the storm-haired Titan-striding sea (590:21)
Throws on a swimmer its tremendous laugh
Remembering all the joy its waves had drowned (590:23)
So from the darkness of the sovereign night
Against the woman's boundless heart arose (590:25)
The almighty cry of universal Death. (590:26)

આમ, 'સાવિત્રી'માં ઉપમા અલંકાર દ્વારા અનેક ચમત્કૃતિઓ સર્જાયેલી જોવા મળે છે. કવિની ઉત્તમ સર્ગશક્તિનો આ રીતે આપણને પરિચય પ્રાપ્ત થાય છે

'સાવિત્રી'માં રૂપક અલંકારનો વિનિયોગ પણ વિશેષ રીતે ઉલ્લેખનીય છે. એનું સુંદર દૃષ્ટાંત પ્રથમ પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે:

A gaol is this immense material world. (18:16)
Across each road stands armed a stone-eyed law,
At every gate the huge dim sentinels pace. (18:18)

અહીં આ તોતિંગ, ભૌતિક જગતને જેલનું રૂપક આપવામાં આવ્યું છે અહીં ઉપમેય (જગત) અને ઉપમાન (જેલ) એકરૂપ થઈ ગયેલા છે આ દ્વારા ભૌતિક જગતની નક્કર વાસ્તવિકતાનું સચોટ આલેખન થયું છે

સત્યવાન સાવિત્રીના લગ્નનું આલેખન પણ રૂપક અલંકારની વિશેષ ચમત્કૃતિ સર્જે છે:

On the high glowing cupola of the day (411:3)
Fate tied a knot with morning's halo threads
While by the ministry of an auspice-hour (411:5)
Heart-bound before the sun, their marriage fire,
The wedding of the eternal Lord and Spouse (411:7)
Took place again on earth in human forms: (411:8).

સત્યવાનના મૃત્યુદિન પૂર્વેની સાવિત્રીની આંતરદશા સાતમા પર્વના પહેલા સર્ગમાં પ્રેમ અને આનંદના અત્યંત નાજુક પુસ્તકના રૂપક દ્વારા આલેખાઈ છે તે ધ્યાનપાત્ર છે:

.... .... .... .... she felt (469:21)
Each day a golden leaf cruelly out
From her too slender book of love and joy. (469:23)

એ જ રીતે દશમા પર્વના પહેલા સર્ગમાં મૃત્યુને એક સોપાન, દ્વાર અને ઠોકરાયેલા પગલાંનાં જે રૂપકો અપાયાં છે તે નોંધપાત્ર છે:

Death is a stair, a door, a stumbling stride (600:34)
The soul must take to cross from birth to birth,
A grey defeat pregnant with victory, (600:36)
A whip to lash us towards our deathless state. (601:1)

આમ, 'સાવિત્રી'ના અલંકારવિધાનના કિંચિત્ પરિચયને આધારે સમજાય છે કે અનુભૂતિનો મર્મ ભાષાના સૌંદર્યમાં કલાત્મક રીતે પ્રગટ્યો છે.

'સાવિત્રી'ના છંદોવિધાન, શબ્દચયન, શૈલી અને અલંકારવિધાનના અધ્યયન દ્વારા નિષ્કર્ષરૂપે કહી શકાય કે ભાષાની સઘળી શક્યતાઓ તાગીને ભાષાની પેલે પારના અનુભવ-વિશેષોને કાવ્યાત્મક રીતે અહીં અભિવ્યક્ત કરવામાં આવ્યા છે. એમાં કવિની નવનવોન્મેષશાલિની પ્રતિભાનો વિજય રહેલો છે.

## સાવિત્રી : મૂલ્યાંકન.

સત્યવાન-સાવિત્રીના આ કથાનકમાં શ્રી અરવિંદે રહસ્યવાદ, ગુહ્યવિદ્યા, તત્ત્વજ્ઞાન, ઉત્ક્રાન્તિ, વિશ્વનો હેતુ વગેરે તમામ બાબતોનું આલેખન કર્યું છે. મનુષ્ય કઈ રીતે પોતાના અજ્ઞાનમાંથી મુક્ત થઈને અમૃતત્વે પહોંચી શકે એની પ્રત્યેક અવસ્થાઓ, એમાં આડે આવતા અંતરાયો વગેરેનું [illegible] એમાં

આલેખન થયું છે. આમ, 'સાવિત્રી' મહાકાવ્યમાં શ્રી અરવિંદ દર્શનનો નિષ્કર્ષ રજૂ થયો છે.

'સાવિત્રી'માં શ્રી અરવિંદે જે પાત્રો સર્જ્યાં છે એ કેવળ કોઈ રૂપકો નથી. પરંતુ શ્રી અરવિંદ કહે છે એ મુજબ "સજીવન અને સભાન શક્તિઓના અવતારો અને પ્રાદુર્ભાવો છે. એમની સાથે આપણે સઘન સ્પર્શમાં આવી શકીએ છીએ, અને તેઓ માનવશરીર ધારણ કરીને મનુષ્યને મદદ કરે છે અને તેને તેની માનવઅવસ્થામાંથી દિવ્ય ચેતનામાં તથા અમર જીવનમાં પહોંચવાનો માર્ગ બતાવે છે."[*34] આમ, 'સાવિત્રી' એ માત્ર કોઈ કવિનો પ્રતિભાપૂર્ણ રમ્ય કલ્પનાલોક નથી પરંતુ ક્રાન્ત કવિનું દર્શન, સર્જન અને વર્ણન બની રહે છે.

'સાવિત્રી'માં શ્રી અરવિંદે પોતે અનુભવેલી બાબતોનું આલેખન થયેલું છે. શ્રી માતાજી કહે છે તેમ આપણને જેમ હર્ષ અને શોકનો અનુભવ થાય છે એ જ રીતે શ્રી અરવિંદે આ બધું એમના સ્થૂળ શરીરમાં અનુભવ્યું છે. 'સાવિત્રી'માં આધ્યાત્મિક વાસ્તવિકતાઓનું આલેખન કરવામાં આવ્યું છે. શ્રી માતાજી કહે છે: "એ મારો પોતાનો પણ અનુભવ છે. એમણે મારી સાધનાને 'સાવિત્રી'માં પરિણત કરી છે. એમાં આવતી પ્રત્યેક વસ્તુ, પ્રત્યેક ઘટના, પ્રત્યેક સાક્ષાત્કાર, સર્વે વર્ણનો અને રંગો સુદ્ધાંય મેં જેવા જોયા હતા તેવા જ, અને શબ્દો તથા શબ્દસમૂહો મેં જેવા સાંભળ્યા હતા તેવા જ બરાબર છે. અને આ બધું મેં 'સાવિત્રી' વાંચી તે પહેલાંનું છે."[*35] આમ, 'સાવિત્રી' મહાકાવ્ય શ્રી અરવિંદ અને શ્રી માતાજીની આધ્યાત્મિક આત્મકથા બની રહે છે.

'સાવિત્રી'ના વાંચન અંગે શ્રી માતાજી જણાવે છે: અમૃતત્વની આ અભીપ્સા સાથે જો એ વાંચવામાં આવે તો વાંચન પોતે જ અમૃતત્વની દિશામાં એક માર્ગદર્શકનું કાર્ય કરશે. 'સાવિત્રી'નું પઠન સાથે જ યોગાભ્યાસ છે, આધ્યાત્મિક એકાગ્રતા છે, પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે જે કંઈ જરૂરનું છે તે બધું એમાંથી મળી શકે છે... માણસ જો સાચા સહૃદય ભાવથી પ્રત્યેક કડીમાં અહીં જે પ્રગટ કરવામાં આવ્યું છે તેનું અનુસરણ કરે તો વિજ્ઞાનયોગના દિવ્ય રૂપાંતરે આખરે એ પહોંચશે."[*36] આમ, 'સાવિત્રી' મહાકાવ્યનું

આધ્યાત્મિક મહત્વ નિર્વિવાદ છે. આ રીતે એ ૨૦મી સદીનું એક નોંધપાત્ર અધ્યાત્મ મહાકાવ્ય બની રહે છે.

સાહિત્યિક દૃષ્ટિએ જોઈએ તો શ્રી અરવિંદની કવિતા અંગે મુખ્યત્વે ત્રણ પ્રકારના પ્રતિભાવો જોવા મળે છે. કેટલાક વિવેચકોએ એની સદંતર ઉપેક્ષા કરી છે. દા.ત. Cassell's Encyclopedia of Literature, Vol. I (1953) માં તોરુ દત્ત, સરોજિની નાયડુ, અરુ દત્તનો ઉલ્લેખ છે પરંતુ શ્રી અરવિંદનો નામોલ્લેખ પણ નથી! બીજા કેટલાક વિવેચકો શ્રી અરવિંદ દર્શનથી અભિભૂત થયેલા છે. એમને મન શ્રી અરવિંદ The Master છે. એમની કવિતા સ્વાભાવિક રીતે જ 'The Poetry' છે. શ્રી અરવિંદની કવિતાના વિવેચકોનો એક ત્રીજો વર્ગ એવો છે કે જેને રહસ્યવાદમાં સ્હેજ પણ રસ નથી! તેઓ શ્રી અરવિંદની કવિતાને તોછડાઈપૂર્વક ઉતારી પાડે છે! આવી પરિસ્થિતિમાં શ્રી અરવિંદની કવિતાનું મૂલ્યાંકન કરતું કે.આર. એસ. આયંગારનું આ વિધાન લક્ષમાં લેવા જેવું છે:-

"Without question, Sri Aurobindo is the one unconstestably outstanding figure in Indo-Anglian literature. Tagore, no doubt, holds a comparable position in modern Bengali literature, though Anglian literature can claim him as one of its own unique reflected glories. But Sri Aurobindo was not merely a writer who happened to write in English, but really an English writer, almost as much as say, a George Moore, a Laurence Binyon or a W.B. Yeats."* 37

'સાવિત્રી'ની બાબતમાં પણ આ જ સ્થિતિ પ્રવર્તે છે. એક તરફ એને સર્વોત્કૃષ્ટ કલાકૃતિ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવે છે. તો બીજી તરફથી પી. લાલ જેવાને 'સાવિત્રી' 'ઠાલા પોચા સંવેગોની નબળી અભિવ્યક્તિ' કે આદિલ જસાવાલાને 'ફોતરાં પર ફોતરાં ઊખડતાં જાય અને ભીતરથી કાંઈ જ ના નીકળે એવું મહાકાય કાંદા જેવું કાવ્ય'* 38 લાગે છે. કવિ કે કાવ્ય સંદર્ભે આવાં અંગત મંતવ્યો ધરાવવાનો આ

વિવેચકોનો અબાધિત અધિકાર છે. પરંતુ 'સાવિત્રી'ની અતિપ્રશંસા કરવી કે એને તોછડાં વિધાનોથી ઉતારી પાડવી બન્નેમાં વિવેચકનું અનિવાર્ય લક્ષણ – અનાસક્તિભર્યો રસ- દ્રષ્ટિગોચર થતું નથી.

અંગ્રેજી ભાષામાં રચાયેલા આ ભારતીય મહાકાવ્યના એક કાવ્ય લેખે સમુચિત મૂલ્યાંકન કરવાના માપદંડો કયા હોઈ શકે એ એક સંકુલ પ્રશ્ન છે. ગણેશ દેવી કહે છે: "આપણી ગૂંચવાઈ ગયેલી વિવેચનપદ્ધતિ શ્રી અરવિંદની સાહિત્યકૃતિઓનો તાગ મેળવવામાં નિષ્ફળ રહી છે. તેમની કૃતિઓનું ઉચિત મૂલ્યાંકન હાથ ધરવાનો સમય ક્યારનોય પાકી ગયો છે. પણ મને ભય છે : કદાચ એ માટે આપણે આપણી સમકાલીન સાહિત્યિક સંસ્કૃતિ પોતાની ઉત્કટ બેચેનીના સકંજામાંથી મુક્ત થઈ રહે ત્યાં લગી થોભવું પડશે." * ૩૧ આમ છતાં, પૂર્વ અને પશ્ચિમના મહાકાવ્યોની પરંપરાના એક ઉત્કૃષ્ટ સમન્વય લેખે 'સાવિત્રી' એ ૨૦મી સદીના વિશ્વસાહિત્યની એક અત્યંત નોંધપાત્ર કૃતિ બની રહે છે.

'સાવિત્રી'ના અનુવાદો :-

આધ્યાત્મિક અને સાહિત્યિક દ્રષ્ટિએ 'સાવિત્રી' આવી એક વિલક્ષણ કૃતિ હોવાથી એના વિવિધ ભાષાઓમાં અનુવાદો થાય એ સ્વાભાવિક છે. કારણકે અનુવાદના સેતુ દ્વારા જ આવી કૃતિઓ સુધી જુદી જુદી ભાષાઓ અને સંસ્કૃતિઓના ભાવકો પહોંચી શકતા હોય છે. 'સાવિત્રી'ના સંસ્કૃત (આર.ડી. નિરાકારી દ્વારા સંપૂર્ણ અને કાપાલી શાસ્ત્રીઆર દ્વારા અંશત:), હિંદી (વિદ્યાવતી 'કોકિલ' દ્વારા સંપૂર્ણ અને સુમિત્રાનંદન પંત વગેરે દ્વારા અંશત:), બંગાળી (નલિનીકાન્ત ગુપ્તા), કન્નડ (મલ્લગી), મરાઠી (સુમિત્રાકુમારી), જેવી ભારતીય ભાષાઓમાં અનુવાદ થઈ ચૂક્યા છે. વળી, ઉડિયા (એસ.કે. મહાપાત્ર), ઉર્દૂ (હુસેન), તામિલ (વિજયલક્ષ્મી), તેમજ તેલુગુ જેવી ભાષાઓમાં અનુવાદ થઈ રહ્યા છે. તદઉપરાંત ફ્રેંચ તથા રશિયન જેવી વિદેશી ભાષાઓમાં પણ એના અનુવાદ થયા છે, થઈ રહ્યા છે.

ગુજરાતી અનુવાદો :-

જ્યાં સુધી ગુજરાતી ભાષાનો સવાલ છે ત્યાં સુધી 'સાવિત્રી'ને

ગુજરાતીમાં અવતારવાના મુખ્યત્વે ચાર પ્રયત્નો થયા છે. કાળાનુક્રમે એમને નીચે દર્શાવ્યા છે.

(1) સુન્દરમ્ 'દક્ષિણા' સામયિકમાં ઇ.સ 1954 થી અનુવાદ પ્રકાશનો આરંભ. ( ખંડ અનુવાદ)

(૨) અંબાલાલ પુરાણી. 'સાવિત્રી ગુંજન' પ્ર.આ.૧૯૬૪-૬૫ ખંડ)

(૩) પૂજાલાલ. છ ગ્રંથરૂપે અનુવાદ. ઇ.સ. ૧૯૭૩-૭૫ (અખંડ)

(૪) ચંદ્રવદન મહેતા. 1980. (રેડિયો રૂપકોમાં રૂપાંતરણ)

'સાવિત્રી' મહાકાવ્યને સૌપ્રથમ ગુજરાતી ભાષામાં સ્વતંત્ર પુસ્તકરૂપે અવતારવાનું કાર્ય શ્રી અરવિંદના સાધક અને સમર્થ ભાષ્યકાર અંબાલાલ પુરાણી દ્વારા ઇ.સ. 1964-65 માં 'સાવિત્રી ગુંજન'ના બે ગ્રંથોમાં થયું છે. પહેલા ગ્રંથની પ્રસ્તાવનામાં પુરાણી કહે છે : "'સાવિત્રી ગુંજન'નું ગુજરાતીમાં પ્રકાશન એક સાહસિક પ્રયોગ છે એ હું સ્વીકારું છું. 'સાવિત્રી ગુંજન' અનુવાદ નથી અને એક રીતે છે."*[40] પુરાણી કબુલે છે કે આ સાહસિક પ્રયોગમાં ગુજરાતી ભાષાની અને લેખકની પણ કસોટી છે. 'સાવિત્રી ગુંજન' મૂળ મહાકાવ્યનો રણકાર આપે છે કે કેમ એ નક્કી કરવાનું કાર્ય તેઓ ગુજરાતના વિવેચકો અને વાચકો પર છોડે છે. પુરાણીના આ પ્રયત્નનું ઐતિહાસિક મહત્ત્વ છે. કારણ કે જ્યાં સુધી પૂજાલાલના સમગ્ર અનુવાદો પ્રકાશિત નહોતા થયા ત્યાં સુધી - 1975 સુધી - અંગ્રેજી નહીં ભણતા એવા, શ્રી અરવિંદની વિચારધારાથી આકર્ષાયેલા વિશાળ ગુજરાતીભાષી વર્ગ માટે આ ગ્રંથો એકમાત્ર આધાર બની રહ્યા હતા. એની પ્રથમ આવૃત્તિ ઇ.સ. 1964-65 માં પથિક પ્રકાશન ( ઉમરેઠ, ગુજરાત) ગ્રંથમાળા શ્રેણી બીજીના પુસ્તક-૧૧ તરીકે મૂળજીભાઈ તલાટી દ્વારા પ્રકાશિત થઈ હતી. એની બીજી આવૃત્તિ 1968 માં થઈ હતી. હાલ એ અપ્રાપ્ય થતાં બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ ઇ.સ 1986 માં શ્રી અરવિંદ સોસાયટી, વડોદરા દ્વારા એક પુસ્તકરૂપે થયું છે. પ્રસ્તુત પુસ્તકમાં કેટલાક સર્ગોનો ગદ્યાનુવાદ છે, બાકીના સર્ગોનો ગુજરાતી સંક્ષેપ આપવામાં આવ્યો છે. 'સાવિત્રી'ના કેટલાક અંશોનો પદ્યાનુવાદ પણ પરિશિષ્ટ રૂપે આપવામાં આવ્યો છે. આ રીતે પુરાણી પાસેથી મૂળ 'સાવિત્રી'ના લગભગ ત્રીજા ભાગનો અનુવાદ પ્રાપ્ત થાય છે.

'સાવિત્રી'ના ગુજરાતીમાં અનુવાદ કરવાનો બીજો નોંધપાત્ર પ્રયાસ ગુજરાતી ભાષાના અગ્રણી કવિ અને વિવેચક સુન્દરમ્ દ્વારા થાય છે. ઑગષ્ટ ૧૯૪૭ થી તેઓ શ્રી અરવિંદના જીવનદર્શનનું અનુશીલન કરતું 'દક્ષિણા' નામે ત્રૈમાસિકનો આરંભ કરે છે. એના ઑગષ્ટ ૧૯૫૪ના અંકમાં 'સાવિત્રી'ના એક અંશનો અનુવાદ પ્રકાશિત થયો છે. સમયની દૃષ્ટિએ તો એમના અનુવાદો અંબાલાલ પુરાણી પૂર્વે પ્રકાશિત થવા માંડે છે. પરંતુ સુન્દરમ્ આખા 'સાવિત્રી' મહાકાવ્યનો અનુવાદ આપી શક્યા નથી. આજે તો આ સામયિકનું પ્રકાશન પણ બંધ થઈ ગયું છે. 'દક્ષિણા'ના અંકોમાં સચવાયેલા આ અનુવાદોનું પુસ્તકરૂપે સંપાદન કરવાના ચક્રો ગતિમાન થઈ ચૂક્યા છે. ટૂંક સમયમાં તે પ્રકાશિત થતાં ગુજરાતીમાં અનૂદિત સાહિત્યની શ્રીમાં નોંધપાત્ર ઉમેરણ બની રહેશે એ નિર્વિવાદ છે.

સમગ્ર 'સાવિત્રી' મહાકાવ્યનો પદ્યાનુવાદ આપવાનું શ્રેય શ્રી અરવિંદના સાધક અને ગુજરાતી સાહિત્યના ભક્તકવિ પૂજાલાલને પ્રાપ્ત થાય છે. શ્રી અરવિંદની જન્મશતાબ્દીના વર્ષ ૧૯૭૨ થી તેઓ શ્રી માતાજીના આશીર્વાદથી આ અનુવાદકાર્યનો આરંભ કરે છે અને સમગ્ર અનુવાદ છ પુસ્તકોરૂપે ઈ.સ. ૧૯૭૬ સુધીમાં પ્રકાશિત થાય છે. ભાવકનો 'સાવિત્રી'માં સરળતાથી પ્રવેશ થઈ શકે એ હેતુથી તેઓ પ્રત્યેક સર્ગના આરંભે ગદ્યમાં એનો વસ્તુનિર્દેશ આપે છે. પૂજાલાલના અનુવાદની બીજી આવૃત્તિ ઇ.સ. ૧૯૮૯ માં સાવિત્રી પ્રકાશન, શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી દ્વારા એક જ પુસ્તકરૂપે પ્રકાશિત થઈ છે.

ગુજરાતી સાહિત્યના નોંધપાત્ર સાહિત્યકાર ચંદ્રવદન મહેતાએ ઈ.સ. ૧૯૭૮-૭૯ માં 'સાવિત્રી'ના પ્રત્યેક પર્વ પરથી એક એક એમ ૧૧ રેડિયો રૂપકો રચ્યાં છે. આ રીતે 'સાવિત્રી'નું લગભગ ૬૦૦૦ પંક્તિઓમાં એમણે નાટ્યરૂપાંતર કર્યું છે. જે આકાશવાણી અમદાવાદ-વડોદરા તરફથી ઈ.સ. ૧૯૮૦ માં પ્રસારિત થયું હતું એ જ વર્ષે એનું પુસ્તકાકારે પ્રકાશન શ્રી અરવિંદ સોસાયટી, વડોદરા દ્વારા થયું છે. મહાકાવ્યના રેડિયો રૂપકમાં થયેલા સર્જનાત્મક સ્વરૂપાંતર લેખે આ પ્રયાસ વિશેષરૂપે ઉલ્લેખનીય છે.

'સાવિત્રી'ના અનુવાદના આ સિવાય બીજા કેટલાક પ્રયત્નોમાં

જતીન્દ્ર આચાર્ય, નગીનદાસ પારેખ તેમજ જ્યોતિ થાનકીના પ્રયાસો નોંધપાત્ર છે.

<u>પ્રસ્તુત અભ્યાસનું પ્રયોજન :</u>

ગુજરાતી ભાષામાં 'સાવિત્રી'ને અવતારવાના જે નાનામોટા પ્રયત્નો થયા તેમાં કૃતિના વિષય અને અભિવ્યક્તિની રીતિને કેવો ન્યાય મળ્યો છે તેનો અભ્યાસ કરવાનો અત્રે ઉપક્રમ છે. વળી, એક ભાષામાંથી કૃતિને બીજી ભાષામાં ઉતારવા જતાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જ્યારે મૂળકૃતિ અને અનૂદિત કૃતિની ભાષાઓ - સ્રોત ભાષા અને લક્ષ્ય ભાષા - વિભિન્ન ભાષાકૂળની હોય, એમની પ્રકૃતિ અલગ હોય ત્યારે આ પ્રશ્નો વધારે ગંભીર બને છે. જ્યારે આવી કૃતિ કાવ્ય- તેમાંય મહાકાવ્ય- હોય ત્યારે તો આ પ્રશ્નોનું પરિમાણ બદલાઈ જતું હોય છે. એમાં અનુવાદકને વ્યાકરણગત/શબ્દકોશગત, સાંસ્કૃતિક તેમજ સૌંદર્યશાસ્ત્રીય પ્રશ્નોનો મુકાબલો કરવો પડે છે. આ બધા પ્રશ્નો સાથે જુદી જુદી સર્જક ચેતનાઓ કેવું કામ પાર પાડે છે એનું પણ અધ્યયન કરવાનો અત્રે ઉપક્રમ છે. આ બધી કૃતિઓમાં કઈ અનૂદિત કૃતિ અન્ય કૃતિઓ કરતાં વિશેષ સંતર્પક નીવડી છે અને આ તમામ કૃતિઓ દ્વારા ગુજરાતી ભાષા અને સાહિત્યને સાંસ્કૃતિક ભૂમિકાએ કેવા લાભ થયા છે એનો અભ્યાસ પણ અત્રે અભિપ્રેત છે. અને આ દ્વારા સમગ્ર રીતે શ્રી અરવિંદનો ગુજરાતી સાહિત્ય પર પડેલો પ્રભાવ તપાસવાનુંય પ્રસ્તુત થશે. આવું કાર્ય પીએચ.ડી.ના સંશોધન અનુષંગે પ્રવીણા કે. પટેલ દ્વારા થયું છે જે 'શ્રી અરવિંદનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ' શીર્ષક હેઠળ ઇ.સ. ૧૯૮૪ માં લેખિકા દ્વારા જ પ્રકાશિત થયું છે. એમાં ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં શ્રી અરવિંદના પ્રભાવની તપાસ કરવામાં આવી છે. પ્રસ્તુત પ્રયાસ એ દિશામાં વિશિષ્ટ રીતે એક આગળનું કદમ બની રહે, એવી અભીપ્સા છે.

## પાદટીપ.

1. (3)* Prema Nandkumar. Sri Aurobindo : A Critical Introduction. Pg 16

૨. (3) પુરાણી અંબાલાલ. શ્રી અરવિંદ જીવન. સંક્ષિપ્ત ધારાપ્રવાહ. પૃ. 108.

3 (3) એજન. પૃ. 134

~~4 (4)~~ એજન. પૃ. ૩૨૭-૨૮

5 (5) એજન. પૃ. 340.

6 (5) Tyagi Prem. Sri Aurobindo His poetry and Poetic Theory. Pg. ૨૭-૨૮.

7 (7) સુન્દરમ્. શ્રી અરવિંદ મહાયોગી. પૃ. ૩૧.

8 (7) Prema Nandkumar. A study of Savitri. Pg.3

9 (8) Ibid. Pg.4

10 (8) Tyagi Prem. Sri Aurobindo: His poetry and Poetic Theory. Pg. ૨૩.

11 (10) પુરાણી અંબાલાલ. શ્રી અરવિંદ જીવન. સંક્ષિપ્ત ધારાપ્રવાહ. પૃ. 189.

12 (10) Tyagi Prem. Sri Aurobindo His poetry & Poetic Theory. Pg. ૨૧.

13 (10) શ્રી અરવિંદ ગુજરાતમાં. (વિશેષાંક) પૃ. 44-45.

14 (11) Tyagi Prem. Sri Aurobindo: His Poetry & Poetic Theory. Pg. ૨૧

* કૌંસમાં દર્શાવેલ ક્રમાંક મહાનિબંધમાંની તમામ પાદટીપોમાં પાદટીપનું મહાનિબંધમાંનું પૃષ્ઠ દર્શાવે છે.

15 (12) Prema Nandkumar. Sri Aurobindo : A critical Introduction. Pg. 56

16 (14) Tyagi Prem Sri Aurobindo : His Poetry and Poetic Theory. Pg. 25-26

17 (15) Ibid Pg. 31

18 (15) Ibid. Pg. 31.

19 (16) Prema Nandkumar. Sri Aurobindo : A critical Introduction. Pg. 41.

૨0 (17) દેવી ગણેશ. મૂળ અંગ્રેજી લેખ. ગુજ. અનુ. અડાલજા અરુણા 'શ્રી અરવિંદની કવિતા : વિવેચનાત્મક પુનર્મૂલ્યાંકન.' પ્રકા. ફાર્બસ ગુજરાતી સભા. ત્રૈમાસિક. અંક. 1. જાન્યુ- માર્ચ- ૮3. પૃ. 51.

૨1 (1૮) એજન. અંક. ૨. એપ્રિલ- જૂન. ૮4 પૃ. 155.

૨૨ (૨3) 'સાવિત્રી' ગુજરાતી અનુવાદ. પૂજાલાલ. પ્રસ્તાવના : સુન્દરમ્. પૃ. 13.

૨3 (૨3) પુરાણી અંબાલાલ. 'સાવિત્રી ગુંજન' પ્રવેશક. પૃ. ૨૨.

૨4 (૨4) 'સાવિત્રી' ગુજ. અનુ. પૂજાલાલ. પ્રસ્તાવના : સુન્દરમ્. પૃ. 13.

૨5 (૨૧) ઠાકોર બ.ક. કવિતા શિક્ષણ. પૃ. ૭૪.

૨6. (૨૧) પાઠક રામનારાયણ. બૃહત્ પિંગળ. પૃ. 66૨.

૨7 (૨૧) એજન. પૃ. 663.

૨૮ (30) Mishra D. S. Poetry and Philosophy in Sri Aurobindo's 'Savitri.' Pg. 87.

૨૯ (31) Sri Aurobindo. 'Savitri' (letters). Pg. 793-4.

30(33) એજન. પૃ. ૭૩૬

31(33) Gupta Rameshwar. Eternity in words: Sri Aurobindo's 'Savitri' Pg 144.

32(34) Gokak V.K. Sri Aurobindo - Seer and Poet. Pg. 68

33(37) Mishra D.S. Poetry and Philosophy in Sri Aurobindo's 'Savitri'. Pg. 95.

34(41) 'સાવિત્રી' ગુજ. અનુ. પૂજાલાલ. પ્રસ્તાવના: સુન્દરમ્. પૃ 13-14

35(41) એજન. પૃ. ૧૯.

36(41) એજન. પૃ. ૧૭-૧૮

37(42) Tyagi Prem. Sri Aurobindo: His Poetry & Poetic Theory. Pg. ૨-3

38(42) દેવી ગણેશ. મૂળ અંગ્રેજી લેખ. ગુજ. અનુ. અડાલજા અરુણા 'શ્રી અરવિંદની કવિતા: વિવેચનાત્મક પુનર્મૂલ્યાંકન.
પ્રકા. ફાર્બસ ગુજરાતી સભા. ત્રૈમાસિક. અંક. 4. ઓક્ટો-ડિસે. ૯૨
પૃ. ૩૦૨.

39(43) એજન. પૃ. ૭.

40(44) પુરાણી અંબાલાલ. સાવિત્રી ગુંજન. નિવેદન. પૃ. ૧.

— ★ —